# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૧ ઓક્ટોબર ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૫ | અંક : ૧૦૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### મમતા સરકારે ‘જીવલેણ’ કોલ્ડ્રિફ કફ સિરપ સામે પ્રતિબંધ મૂક્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

પશ્ચિમ બંગાળ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સ એસોસિયેશન એ રાજ્યમાં કોલ્ડ્રિફ કફ સિરપના વેચાણ અને ખરીદીને તાત્કાલિક ધોરણે રોકવાનો નિર્દેશ આપ્યો છે. આ સૂચના ગુરુવારે તમામ છૂટક અને જથ્થાબંધ દવા વિક્રેતાઓને જારી કરવામાં આવી છે. મધ્ય પ્રદેશમાં આ સિરપનું સેવન કરવાથી કથિત રીતે અનેક બાળકોના મૃત્યુ થયાના અહેવાલો બાદ તકેદારીના પગલાં તરીકે આ કાર્યવાહી કરવામાં આવી છે. BCDAના સચિવ પૃથ્વી બસુએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી નિવારક પગલાંના ભાગરૂપે કરવામાં આવી છે.

### CM ભગવંત માનના જિલ્લાના ૮ કાઉન્સિલરનું રાજીનામું

। ચંદીગઢ, તા.૧૦ ।

આમ આદમી પાર્ટીને પંજાબમાં મોટો ઝટકો વાગ્યો છે. સંગરૂર નગર પાલિકાના આઠ પાર્ષદોએ આમ આદમી પાર્ટી છોડી દીધી છે. જેમાં નગર પાલિકાના સીનિયર વાઈસ પ્રેસિડન્ટ અને વાઈસ પ્રેસિડન્ટ પણ સામેલ છે. તેમનું કહેવું છે કે, તેઓ નગરપાલિકાના અધ્યક્ષના કામકાજ અને ખોટા વલણથી સંતુષ્ટ નથી. જેથી પાર્ટી છોડી રહ્યા છીએ. આ અંગે નગર પાલિકાના અધ્યક્ષ ભૂપિન્દર સિંહ નાહલે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના સાત પાર્ષદનો સહકાર છે. અપક્ષમાંથી આવેલા પાંચ પાર્ષદોએ સાથ છોડ્યો છે, પરંતુ તેઓ પણ ફરી પાછા ઝડપથી પાર્ટીમાં સામેલ થશે.

### પર્સનાલિટી રાઇટ્સની સુરક્ષા માટે હાઈકોર્ટ પહોંચ્યો સુનિલ શેટ્ટી

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

પર્સનાલિટી રાઈટ્સની સુરક્ષા માટે બોલિવૂડ એક્ટર સુનીલ શેટ્ટીએ બોમ્બે હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા છે. એક્ટરે કોર્ટ પાસે માગ કરી છે કે, મંજૂરી વિના મારા ફોટોનો ઉપયોગ સટ્ટાની સાઈટ્સ, બિઝનેસ સાઈટ્સ અને અન્ય ખોટા સ્થળે થઈ રહ્યો છે. એવામાં મારા પર્સનાલિટી રાઈટ્સની સુરક્ષા આપો. સુનીલ શેટ્ટીના વરિષ્ઠ વકીલ બિરેન્દ્ર સરાફે કોર્ટમાં દલીલ કરી હતી કે, સુનીલ શેટ્ટી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સારૂ એવુ નામ ધરાવે છે. તેમની મંજૂરી વિના તેમની તસવીરો, વીડિયો અને ડીપફેક કન્ટેન્ટનો ઉપયોગ અલગ-અલગ બિઝનેસ સાઈટ્સ પર થઈ રહ્યો છે.

## નોબેલ શાંતિ પુરસ્કારની જાહેરાત

# ટ્રમ્પ નહીં, વેનેઝુએલાના મારિયા કોરિના મચાડોને મળશે સન્માન

### શાંતિ સ્થાપના અને વૈશ્વિક સંઘર્ષોને ઘટાડવામાં યોગદાન આપવા માટે વેનેઝુએલાના મારિયા કોરિના માચાડોને સન્માનિત કરવામાં આવી છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા. ૧૦ ।





નોબેલ પીસ પુરસ્કાર એટલે કે નોબેલ શાંતિ પુરસ્કાર ૨૦૨૫ની જાહેરાત કરી દેવામાં આવી છે. આ વર્ષે નોબેલ શાંતિ પુરસ્કાર માટે વેનેઝુએલાના મારિયા કોરીના માચાડોને પસંદ કરવામાં આવી છે. શાંતિ સ્થાપના અને વૈશ્વિક સંઘર્ષોને ઘટાડવામાં યોગદાન આપવા માટે મારિયાને સન્માનિત કરવામાં આવી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ વર્ષના નોબેલ શાંતિ પુરસ્કારના વિજેતા નથી. આ જાહેરાત સાથે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નોબેલ શાંતિ પુરસ્કાર જીતવાની આશા પર પાણી ફરી વળ્યું છે, જે છેલ્લા કેટલાક દિવસથી પોતાની દાવેદારી રજૂ કરી રહ્યાં હતા. નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરીના મચાડોએ છેલ્લા એક વર્ષથી છુપાઈને જીવન જીવવા મજબૂર હોવા છતાં પોતાના સંઘર્ષોને યથાવત રાખ્યા. નોબેલ કમિટીએ કહ્યું- તેના જીવનને ગંભીર ખતરો હોવા છતાં, તે દેશમાં રહી. તેની આ પસંદગી લાખો લોકોને પ્રેરિત કરનારી છે. નોબેલ કમિટીએ મચાડોની બહાદુરીની પ્રશંસા કરતા કહ્યું કે જ્યારે સત્તાવાદી તાકાતો સત્તા પર કબજો કરી લે છે, તો આઝાદીના સાહસિક રક્ષકોને ઓળખવા મહત્વપૂર્ણ છે, જે ઉભા થાય છે અને વિરોધ કરે છે. સમિતિએ કહ્યું, ોકતંત્ર તે લોકો પર નિર્ભર કરે છે જે ચૂપ રહેવાનો ઈનકાર કરે છે, જે ગંભીર જોખમ છતાં આગળ વધવાનું સાહસ કરે છે અને આપણે યાદ અપાવે છે કે સ્વતંત્રતાને ક્યારેય હળવાશમાં ન લેવી જોઈએ, પરંતુ તેને શબ્દો, સાહસ અને દ્રઢ સંકલ્પની સાથે હંમેશા સુરક્ષિત રાખવી જોઈએ. આઠ દેશોએ નોબેલ પુરસ્કાર માટે ટ્રમ્પને નોમિનેટ કર્યા હતા. આમાં પાકિસ્તાન અને ઈઝરાયલ ઉપરાંત યુનાઈટેડ સ્ટેટ્સ, આર્મેનિયા, અઝરબૈજાન, માલ્ટા અને કંબોડિયાનો સમાવેશ થાય છે. નોબેલ પુરસ્કાર માટે નોમિનેશન પ્રક્રિયા દર વર્ષે ૧ ફેબ્રુઆરીથી શરૂ થાય છે. તે તારીખ સુધીમાં પ્રાપ્ત થયેલા નોમિનેશનને જ માન્ય ગણવામાં આવે છે. ૨૦૨૫ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેશન માટેની અંતિમ તારીખ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ હતી. નોબેલ શાંતિ પુરસ્કાર એ વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત અને મહત્વપૂર્ણ પુરસ્કારોમાંનો એક છે, જે આલ્ફ્રેડ નોબેલની ઈચ્છા અનુસાર સ્થપાયેલા છ નોબેલ પુરસ્કારોમાંથી એક છે.

## ઇન્ડોનેશિયાના ઉત્તરીય સુલાવેસી અને પાપુઆ પ્રાંતમાં પણ સુનામીના મોજા પહોંચી શકે છે

# ફિલિપાઇન્સમાં વહેલી સવારે ૭.૪ની તીવ્રતાનો ભૂકંપ; સુનામીની ચેતવણી

### ભૂકંપને કારણે લોકોમાં ફફડાટ ફેલાયો છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા કેટલાક વીડિયોમાં લોકોમાં ઇમારતો બહાર ભાગતા જોવા મળે છે

। (એજન્સી) મનીલા, તા.૧૦ ।



પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં સ્થિત દ્વીપ સમૂહ દેશ ફિલિપાઈન્સની ધરતી આજે વહેલી સવારે ધણધણી ઉઠી હતી. ફિલિપાઈન્સના મિંડાનાઓમાં રિક્ટર સ્કેલ પર ૭.૪ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો છે. ભૂકંપને કારણે સુનામી આવવાની શક્યતા છે. તંત્રએ લોકોને તાત્કાલિક સલામત સ્થળોએ ખસી જવા અપીલ કરી છે.યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજી સેન્ટરએ આપેલી જાણકારી મુજબ ભૂકંપ ૬૨ કિમી (૩૮.૫૩ માઈલ) ની ઊંડાઈએ હતો. ફિલિપાઈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોલ્કેનોલોજી એન્ડ સિસ્મોલોજીએ આપેલી જાણકારી મુજબ સુનામીના શરૂઆતના મોજા ૧૦ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સ્થાનિક સમય મુજબ સવારે ૪:૪૩ થી ૧૧:૪૩ વચ્ચે દરિયાકાંઠે પહોંચી શકે છે.સુનામીના મોજા કલાકો સુધી ચાલુ રહી શકે છે. સામાન્ય ભરતી કરતા એક મીટરથી વધુ ઊંચા મોજા આવી શકે છે, જ્યારે બંધ ખાડીઓમાં વધુ ઊંચા મોજા આવી શકે છે.પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરના જણાવ્યા મુજબ કંપના કેન્દ્રથી ૩૦૦ કિલોમીટર માઈલ સુધી સુનામીના ખતરનાક મોજા આવી શકે છે. મધ્ય અને દક્ષિણ ફિલિપાઈન્સના દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને ઊંચા સ્થળોએ પહોંચવા કહેવામાં આવ્યું છે.ઈન્ડોનેશિયાના ઉત્તરીય સુલાવેસી અને પાપુઆ પ્રાંતમાં પણ સુનામીના મોજા પહોંચી શકે છે.ભૂકંપને કારણે તાત્કાલિક નુકશાનના કોઈ અહેવાલ નથી. જોરદાર ભૂકંપ બાદ ભૂકંપ બાદ આફ્ટરશોક્સની ચેતવણી આપવામાં છે. ભૂકંપને કારણે લોકોમાં ફફડાટ ફેલાયો છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા કેટલાક વીડિયોમાં લોકોમાં ઈમારતો બહાર ભાગતા જોવા મળે છે.ફિલિપાઈન્સના સેબુ પ્રાંતમાં ગયા અઠવાડિયે ૬.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેને કારણે ૭૪ લોકોના મોત નીપજ્યા હતાં અને સંખ્યાબંધ લોકો ઘાયલ થયા હતા.

## વ્હાઇટ હાઉસે પોસ્ટ કરી બળાપો ઠાલવ્યો

# ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર ન મળતાં અમેરિકા લાલઘૂમ!

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર ન મળતા તેઓ નારાજ થયા છે. તેઓ પોતે જ આ પુરસ્કાર માટે સૌથી મોટા દાવેદાર માની રહ્યા હતા. પરંતુ તેમના સ્થાને વેનેઝુએલાના વિપક્ષ નેતા મારિયા કોરિના મચાડોને નોબેલ શાંતિ પુરસ્કાર આપવાની જાહેરાત થતાં વ્હાઈટ હાઉસે નારાજગી વ્યક્ત કરી છે. વ્હાઈટ હાઉસે કહ્યું છે કે, નોબેલ કમિટીએ ફરી એકવાર સાબિત કરી દીધુ કે, તેઓ શાંતિના સ્થાને રાજનીતિને પ્રાધાન્ય આપે છે. પણ અમેરિકાના પ્રમુખ શાંતિ કરારો કરાવતાં રહેશે, યુદ્ધ રોકી લોકોના જીવ બચાવતા રહેશે. વ્હાઈટ હાઉસે ઠ પર પોસ્ટ કરતાં કહ્યું કે, પ્રમુખ ટ્રમ્પ શાંતિ કરારો કરતાં રહેશે, તેઓ યુદ્ધ રોકી લોકોના જીવ બચાવતા રહેશે. તેમનું હૃદય માનવતા અને દયાભાવ દાખવે છે. તેમના જેવું કોઈ નથી, જે પોતાની ઈચ્છાશક્તિના બળથી પર્વતોને પણ ખસેડી શકે છે. વ્હાઈટ હાઉસે નોબેલ કમિટીની ટીકા કરતાં કહ્યું કે, ‘તેઓએ શાંતિના બદલે રાજનીતિને પસંદ કરી. ફરી એકવાર તેમણે સાબિત કરી દીધું કે, તેઓ શાંતિના બદલે રાજનીતિને પ્રાધાન્ય આપે છે.’ ઉલ્લેખનીય છે, વેનેઝુએલાના વિપક્ષ નેતા મારિયા કોરિના મચાડોને લોકતંત્રમાં પારદર્શિતા અને માનવ અધિકારો માટે અથાગ પ્રયાસો બદલ નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

### બુરખો કે હિજાબ પહેરશો તો અઢી લાખ સુધીનો દંડ થશે

। નવી દિલ્હી, તા.૧૦ ।

ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીની આગેવાનીવાળી દક્ષિણપંથી પાર્ટી ‘બ્રધર્સ ઑફ ઈટાલી’એ સંસદમાં એક વિવાદાસ્પદ બિલ રજૂ કર્યું છે, જે દેશભરમાં સાર્વજનિક સ્થાન પર બુરખા અને નિકાબ જેવા ચહેરા ઢાંકવાવાળા પહેરવેશ પર સંપૂર્ણ પ્રતિબંધની જોગવાઈ છે. આ પગલું ‘ઈસ્લામી અલગતાવાદ’ અને ‘સાંસ્કૃતિક અલગતાવાદ’ને રોકવાના હેતુથી ઉઠાવવામાં આવ્યો છે. તેને મેલોની સરકારે ‘ધાર્મિક કટ્ટરવાદ’ સાથે જોડ્યું. આ હેઠળ ઉલ્લંઘન કરનારે ૩૦૦થી ૩,૦૦૦ યૂરો (લગભગ ૨૬,૦૦૦થી ૨.૬ લાખ રૂપિયા) સુધીનો દંડ લાગી શકે છે.

## આ કેસમાં એમએલએ કે સી વિરેન્દ્રની પણ સંડોવણી

# ઇડીએ કર્ણાટકનાં સટ્ટાબાજી કેસમાં ૫૦ કરોડનું સોનું જપ્ત કર્યુ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ઈડીએ કર્ણાટકનાં ચિત્રદુર્ગા જિલ્લાના ધારાસભ્ય કે સી વિરેન્દ્ર અને તેમના સાથીઓની વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. આ કાર્યવાહી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કરવામાં આવી છે.

ઈડીની ટીમે બે લોકરોની તપાસ દરમિયાન ૪૦ કિલો ૨૪ કેરેટ સોનું જપ્ત કર્યુ છે જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કીંમત ૫૦.૩૩ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. આ અગાઉ ઈડીએ આ કેસમાં ૧૦૩ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. જેમાં સોનાની ઈંટો, રોકડ રકમ, ઘરેણા, બેંક ખાતા અને લક્ઝરી કારો સામેલ છે. અત્યાર સુધી કુલ ૧૫૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે ધારાસભ્ય કે સી વિરેન્દ્ર પોતાના પરિવાર અને મિત્રોની સાથે મળીને કિંગ૫૬૭ અને રાજા૫૬૭ જેવી ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી વેબસાઈટ ચલાવી રહ્યાં હતાં.

આ વેબસાઈટ દ્વારા સામાન્ય લોકોને ઓનલાઈન ગેમ અને સટ્ટાના નામે છેતરવામાં આવતા હતાં. આ વેબસાઈટમાંથી જે કમાણી થતી હતી તે રકમને અલગ અલગ મ્યૂલ ખાતાઓમાં મોકલવામાં આવતી હતી.

## મુત્તાકી સાથે જયશંકરની મુલાકાત બાદ મોટો નિર્ણય

# અફઘાનિસ્તાનમાં ફરી એમ્બેસી ખોલશે ભારત

### અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીએ જયશંકર સાથે થયેલી મુલાકાતમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા પર ભાર મૂક્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

અફઘાનિસ્તાનના વિદેશમંત્રી આમિર ખાન મુત્તકી ભારતના ઐતિહાસિક પ્રવાસે છે. શુક્રવારે વિદેશમંત્રી એસ જયશંકર અને મુત્તકી વચ્ચે ખુબ જ મહત્વની વાતચીત થઈ. વિદેશમંત્રી એસ જયશંકરે કહ્યું કે અફઘાનિસ્તાનની સંપ્રભુતા, ક્ષેત્રીય અખંડિતતા અને સ્વતંત્રતા માટે ભારત સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ તથા એમ પણ કહ્યું કે ભારત જલદી કાબુલમાં પોતાનું દૂતાવાસ ખોલશે.

અત્રે જણાવવાનું કે ચાર વર્ષ પહેલા અશરફ ગનીના અફઘાનિસ્તાનથી ભાગવા અને તાલિબાનના કબજા બાદ ભારતે પોતાનું દૂતાવાસ કાબુલમાં બંધ કરી દીધુ હતું. નોંધનીય છે કે હાલ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે પણ સબંધ તણાવપૂર્ણ છે. આવામાં ભારત અને અફઘાનિસ્તાનની નીકટતા પાકિસ્તાન માટે એક મોટો પડકાર બની ગયો છે.

ભારતે કાબુલમાં પોતાના ટેક્નિકલ મિશનને દૂતાવાસનો દરજ્જો આપવાની જાહેરાત કરી છે. આ બંને દેશો માટે ખુબ મોટું ને મહત્વપૂર્ણ રાજકીય પગલું છે. વિદેશમંત્રી એસ જયશંકરે અફઘાનિસ્તાનના પ્રતિનિધિમંડળનું દિલ્હીમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું. બેઠક દરમિયાન ભારતની સુરક્ષા પ્રત્યે અફઘાનિસ્તાનની સંવેદનશીલતાને બેરદાવી. તેમણે કહ્યું કે આ મુસાફરી બંને દેશોના સંબંધોને આગળ વધારવામાં એક પગલું છે. વ્યક્તિગત મુલાકાતનું વિશેષ મહત્વ છે કારણ કે તેનાથી દ્રષ્ટિકોણ બદલાય છે અને સંયુક્ત હિત સમજમાં આવે છે.

## હવે જઈને પુતિને સ્વીકાર્યું સત્ય

# જે પ્લેન ક્રેશમાં ૩૮ લોકોના મોત થયા, તેમાં મારો હાથ હતો

। (એજન્સી) મોસ્કો, તા.૧૦ ।

વર્ષ ૨૦૨૪માં અઝરબૈજાના એક પેસેન્જર વિમાન ક્રેશ થયું હતું, જેમાં ૩૮ લોકો માર્યા ગયા હતા. જ્યારે આ પ્લેન ક્રેશ થયું હતું, ત્યારબાદ જ એવી અટકળો શરૂ થઈ ગઈ હતી કે, શું આ અકસ્માત છે કે કોઈએ આના પર હુમલો હુમલો કર્યો છે. પરંતુ ગુરુવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આ રહસ્ય પરથી પડદો હટાવી દીધો છે. તેમણે સ્વીકાર્યું છે કે, આ પ્લેન ક્રેશમાં અમારા દેશનો હાથ હતો. તેમણે આ ઘટનાને ટ્રેજેડી ગણાવી છે. અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઈલ્હામ અલીયેવ સાથેની મુલાકાતમાં પુતિને કહ્યું કે, ઘટનાની સવારે રશિયાએ યુક્રેનિયન ડ્રોનને નષ્ટ કરવા માટે મિસાઈલો તૈનાત કરી હતી અને તે વિમાનથી થોડા મીટર દૂર વિસ્ફોટ થયા હતા. તેમણે કહ્યું કે, "રશિયા આવા દુઃખદ મામલામાં વળતર આપવા માટે શક્ય તેટલું બધું કરશે અને તમામ અધિકારીઓની કાર્યવાહીનું કાયદેસર મૂલ્યાંકન કરવામાં આવશે." ૨૫ ડિસેમ્બરના રોજ અઝરબૈજાન એરલાઈન્સનું વિમાન કઝાકિસ્તાનમાં ક્રેશ થયું હતું. તે દક્ષિણ રશિયાના શહેર ગ્રોઝનીમાં ઉતરવાનું હતું. આ અકસ્માતમાં ૬૭ લોકોમાંથી ૩૮ લોકોના મોત થયા હતા. અઝરબૈજાનના રાષ્ટ્રપતિ સાથે વાત કરતા પુતિને કહ્યું કે, ’જે બે મિસાઈલો છોડવામાં આવી હતી, તે સીધી વિમાન પર પડી ન હતી.




## લીલિયાના કણકોટ નજીક સિંહણનું શંકાસ્પદ મોત

। (એજન્સી) અમરેલી, તા.૧૦ ।

અમરેલી જિલ્લાના લીલિયા તાલુકાના કણકોટ ગામની સીમમાં એક સિંહણનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થતા વન્યજીવ પ્રેમીઓમાં ચિંતા ફેલાઈ છે. નાના કણકોટ ગામે એક માદા સિંહણનો મૃતદેહ મળી આવતા વન વિભાગ હરકતમાં આવ્યું છે. લાયન નેચર ફાઉન્ડેશનના તાલુકા પ્રમુખે આ ઘટનાની સંપૂર્ણ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. લાયન નેચર ફાઉન્ડેશનના તાલુકા પ્રમુખે જણાવ્યું હતું કે, લીલિયા તાલુકાના કણકોટ ગામની હદમાં આવેલા સીમતળ વિસ્તારમાં એક સિંહણનું શંકાસ્પદ હાલતમાં મોત થયું છે. પ્રાથમિક અનુમાન મુજબ, આ મૃત્યુ શોર્ટ સર્કિટના કારણે થયું હોવાની શંકા છે. આ વિસ્તારમાં દેવભૂમિ દેવળિયા, ચક્કરગઢ, કણકોટ, ગોખરવાડા, નાના ગોખરવાડા અને સાનગઢ સહિતના વિસ્તારોમાં ૨૯થી વધુ સિંહોનો વસવાટ છે. નાના કણકોટ ગામેથી મળી આવેલ માદા સિંહણનું મોત શંકાસ્પદ છે. તેમણે તંત્ર પાસે માંગ કરી છે કે, આ મામલે યોગ્ય અને સઘન તપાસ કરવામાં આવે.આ ઘટના અંગે નાથાલાલ સુખડિયાએ રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) ગેલાણી સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, વન વિભાગે આ સિંહણના મૃત્યુનું કારણ જાણવા માટે પેનલ ડોક્ટર દ્વારા પોસ્ટમોર્ટમ (PM) કરાવવાની ખાતરી આપી છે. એશિયાટિક સિંહો માત્ર સૌરાષ્ટ્રનું જ નહીં, પણ સમગ્ર ભારતનું ગૌરવ છે. આ સિંહો માનવ વસવાટ માટે ક્યારેય નડતરરૂપ નથી, તેમ છતાં જો કોઈએ શંકાસ્પદ રીતે તેમનું મૃત્યુ કર્યું હોય અને આ બનાવને ઢાંકી દેવાનો પ્રયાસ કર્યો હોય, તો આવા તમામ જવાબદારોને જેલના હવાલે કરવા જોઈએ.

## ભાવનગરમાં નકલી ઘી બનાવવાની ફેક્ટરી ઝડપાઇ, Rs.૧.37 લાખનો જથ્થો જપ્ત, વેપારીઓમાં ફફડાટ

। (એજન્સી) ભાવનગર, તા.૧૦ ।

ભાવનગર શહેરમાં ફૂડ સેફ્ટી અને જીંર (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) તેમજ ફૂડ વિભાગે સંયુક્ત રીતે દરોડા પાડીને નકલી ઘી બનાવવાનું એક ગુપ્ત કારખાનું ઝડપી પાડ્યું છે. શહેરના ભગાતળાવ વિસ્તારમાં ચાલતા આ કારખાનામાંથી આશરે ઈજ. ૧.૩૭ લાખની કિંમતનું નકલી ઘી સીઝ કરવામાં આવ્યું છે. પોલીસને મળેલી ગુપ્ત માહિતીના આધારે કરવામાં આવેલા આ સંયુક્ત ચેકિંગમાં, પોલીસ અને ફૂડ વિભાગની ટીમોએ શંકાસ્પદ ખાદ્ય પદાર્થો બનાવવાનું કૌભાંડ પકડી પાડ્યું હતું. દરોડા દરમિયાન, ટીમે કુલ ૧૪ ઘીના ડબ્બા કબજે કર્યા હતા અને અંદાજે ૨૧૦ કિલોગ્રામ જેટલો ઘીનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. સમગ્ર જથ્થાની બજાર કિંમત આશરે રૂ. ૧.૩૭ લાખ આંકવામાં આવી છે.

### ગુજરાતમાં સાયબર ફ્રોડના અનેક કેસ સામે આવતા હોય છે

# જામનગરમાં નાઈજિરિયન છેતરપિંડી નેટવર્ક સાથે જોડાયેલી ગેંગનો પર્દાફાશ

। (એજન્સી) જામનગર, તા.૧૦ ।

ગુજરાતમાં સાયબર ફ્રોડના અનેક કેસ સામે આવતા હોય છે, ત્યારે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે નાઈજિરિયન છેતરપિંડી નેટવર્ક સાથે જોડાયેલી ગેંગનો પર્દાફાશ કર્યો છે. નાઈજિરિયન ગેંગ સાથે મળીને ભારતીય લોકો સાથે છેતરપિંડી કરનારા પાંચ આરોપીને જામનગરથી ધરપકડ કરી લેવામાં આવી છે. આરોપીઓએ આંગડિયા નેટવર્ક અને અનેક બેંક ખાતાઓ દ્વારા સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા લોકો પાસેથી નાઈજિરિયન હેન્ડલર્સને ફંડ ટ્રાન્સફર કરવામાં મદદ કરી હોવાનું જાણવા મળ્યું હતું.

અમદાવાદના મણિનગરના એક ઉદ્યોગપતિ નિહાર અમરજીત વર્મા (ઉં.વ.૨૬) દ્વારા સાયબર ફ્રોડની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે, એક આફ્રિકન ફાર્માસ્યુટિકલ કંપનીના પ્રતિનિધિ તરીકે ઓળખાતા લોકો તેમનો ઓનલાઈન સંપર્ક કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેઓ યુપેટોરિયમ મર્ક્યુરિયાલિસ લિક્વિડના ભારતીય સપ્લાયરને શોધી રહ્યા છે. જેમાં આરોપીએ ફરિયાદીને ધંધાની લાલચ આપી હતી અને દાવો કર્યો હતો કે, ’રાજસ્થાનના ભીલવાડામાં આવેલી એક ભારતીય કંપની શર્મા એન્ટરપ્રાઈઝ મેન્યુફેક્ચરિંગ ૬,૫૦૦ ડોલર પ્રતિ લિટરના ભાવે રસાયણ પૂરું પાડી શકે છે, જે પછી આફ્રિકામાં ૧૧,૦૦૦ ડોલરમાં વેચી શકાશે.’

સમગ્ર બનાવમાં આરોપી પર વિશ્વાસ રાખીને ફરિયાદીએ પહેલા શર્મા એન્ટરપ્રાઈઝ માટે સેલ્સમેન તરીકે ઓળખાતા જયદેવ નામના વ્યક્તિ પાસેથી લેબ પરીક્ષણ માટે એક લિટર ખરીદ્યુ હતુ, જેના રૂ.૫.૫૨ લાખ ચૂકવ્યા હતા. આ પછી ફરિયાદીએ બલ્ક ઓર્ડર પેટે એડવાન્સ ચુકવણી તરીકે બીજા રૂ.૨૭ લાખ ટ્રાન્સફર કર્યા. જોકે, ભીલવાડાની મુલાકાત લેતા ફરિયાદીને જાણ થઈ કે, આવી કોઈ કંપની અસ્તિત્વમાં જ નથી. આમ ફરિયાદી સાથે કુલ રૂ.૩૨.૭૨ લાખની છેતરપિંડી થઈ હોવાને લઈને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પાંચ શંકાસ્પદોની ધરપકડ (તમામ જામનગરના રહેવાસી)

૧. અઝગર અઝીઝ પઠાણ (ઉં.વ.૪૩)

૨. અભિષેક મહેશભાઈ જોશી (ઉં.વ.૨૬)

૩. પ્રવિણભાઈ ભોજાભાઈ નંદાણીયા (ઉં.વ.૩૦)

૪. દીપ પોપટપરી ગોસ્વામી (ઉં.વ.૨૫)

૫. નીતિન બાબુભાઈ ભાટિયા (ઉં.વ.૨૬)

મોડસ ઓપરેન્ડી

પોલીસ તપાસમાં નાઈજિરિયન રેંકલીડરોએ રાસાયણિક વેપાર સાથે સંકળાયેલા નકલી વ્યવસાયિક દરખાસ્તો દ્વારા ભારતીય લોકોનો સંપર્ક કરીને કૌભાંડ આચર્યું હતું. ભારતીય સહયોગીઓએ ફંડ મેળવવા માટે બેંક ખાતા પૂરા પાડ્યા, પૈસા ઉપાડ્યા, નાનું કમિશન રાખ્યું અને બાકીની રકમ અનૌપચારિક નાણાં ચેનલો દ્વારા નાઈજિરિયન ગેંગને મોકલી આપવામાં આવ્યા.

### અંદર જીઆરપી લાઈન દાખલ કરવામાં આવે છે

## વડોદરામાં ડ્રેનેજ લાઈનની જીઆરપી ટેકનોલોજી આધારિત કામગીરીનો પ્રારંભ

### આ કામ આશરે ૯૩ કરોડના ખર્ચે થઈ રહ્યું છે વડોદરામાં આ ટેકનોલોજીના પ્રથમ વખત ઉપયોગ કરાયો છે

। (એજન્સી) વલસાડ, તા.૧૦ ।

વડોદરામાં ચોમાસા દરમિયાન મુજમહુડા રોડ પર સૌથી વધુ ભૂવા પડ્યા હતા. જમીનમાંથી પસાર થતી ડ્રેનેજ લાઈન જર્જરીત થવાના કારણે અને તેમાં પાણીનું પ્રેશર વધતા ભૂવા પડ્યા હતા. વડોદરા કોર્પોરેશન હવે અહીં નવી જીઆરપી (ગ્લાસ રીઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિક) ટેકનોલોજી આધારિત ડ્રેનેજ લાઈનની કામગીરી આજ રોડ પર શિવાજી સર્કલથી આજે ચાલુ કરી હતી. અંદાજે ૨૬૦૦ મીટરની કામગીરી આવતા ચોમાસા પહેલા પૂર્ણ કરી દેવાય તેવું આયોજન છે. આ કામ આશરે ૯૩ કરોડના ખર્ચે થઈ રહ્યું છે. વડોદરામાં આ ટેકનોલોજીના પ્રથમ વખત ઉપયોગ કરાયો છે. અમદાવાદ અને મુંબઈ જેવા શહેરોમાં આ પ્રકારની કામગીરી ચાલુ થઈ ચૂકી છે. આ ટેકનોલોજીમા ડ્રેનેજ લાઈનનું રીહેબિલિટેશન કરવામાં આવે છે, એટલે કે જે જૂની લાઈન છે તેની અંદર જીઆરપી લાઈન દાખલ કરવામાં આવે છે, આ કામગીરીમાં કોઈ ખોદકામ કરવામાં આવતું નથી, અને અંદર જ કામ ચાલતું રહે છે. આ પાઈપ ખૂબ જ ટકાઉ અને મજબૂત હોય છે, અને તેના કારણે ભૂવા પડતા નથી. આ કામગીરીનો મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. તેમનું કહેવું હતું કે આ ટેકનોલોજીથી ખર્ચમાં ઘણો ઘટાડો થાય છે. લોકોના વેરાના નાણા બચે છે. બીજું કામગીરી ચાલુ હોય ત્યારે રોડ બંને બાજુ બંધ કરવાની જરૂર પણ પડતી નથી. ટ્રાફિક ચાલતો રહે છે. ટનલિંગ પદ્ધતિ મુજબ કામ ચાલતું રહે છે. વડોદરામાં આ પ્રકારની ટેકનોલોજીના આધારે કામગીરી ક્યાં કરવાની છે.

### ગેસ રિફિલિંગમાં વપરાતા અન્ય સાધનો પણ જપ્ત કર્યા

## કરજણમાં ગેરકાયદેસર ગેસ રિફિલિંગ કૌભાંડનો પર્દાફાશ

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

વડોદરા જિલ્લાની કરજણ પોલીસે આજે નગરમાં ચાલતા ગેરકાયદેસર ગેસ રિફિલિંગના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે કરેલી આ મોટી કાર્યવાહીમાં લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, કરજણ પોલીસને બાતમી મળી હતી કે નવાબજાર વિસ્તારના જલારામ નગરમાં ગેરકાયદેસર રીતે ગેસ સિલિન્ડરોનું રિફિલિંગ ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ગેરકાયદેસર રીતે ગેસનો ધંધો કરી રહેલા રસીદ મુસા પટેલ (રહે. ગ્રીન પાર્ક સોસાયટી, કરજણ) નામના ઈસમની ધરપકડ કરી છે. પોલીસે દરોડા દરમિયાન કુલ ૧૩૯ ગેસના બોટલો સહિત ગેસ રિફિલિંગમાં વપરાતા અન્ય સાધનો પણ જપ્ત કર્યા હતા. સમગ્ર ઓપરેશનમાં પોલીસે આશરે ? ૩ લાખ ઉપરાંતનો કુલ મુદામાલ કબજે કર્યો છે.

## ૪,૭૫૪ કરોડના MOU, 33 હજાર લોકોને મળશે રોજગારી

। (એજન્સી) મહેસાણા, તા.૧૦ ।

પાવર ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન સેક્ટરમાં અગ્રણી ઈપીસી કોન્ટ્રાક્ટર્સ પૈકીની એક રાજેશ પાવર સર્વિસીઝ લિમિટેડે (આરએસપીએલ) વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (વીજીઆરસી) ૨૦૨૫ના પહેલા દિવસે ગુજરાત સરકાર સાથે રૂ. ૪,૭૫૪ કરોડના પ્રોજેક્ટ્સ માટે વિવિધ એમઓયુ કર્યા હતા. ગુજરાત સરકાર દ્વારા આયોજિત સૌપ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ૨૦૨૫ ૯થી ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન મહેસાણામાં ગણપત યુનિવર્સિટી ખાતે યોજાઈ રહી છે. આ બે દિવસની સમિટનું આજે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા કેન્દ્રીય રેલવે, ઈન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય નવી અને પુનઃવપરાશી ઊર્જા તથા ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ બાબતોના મંત્રી પ્રહલાદ જોશી તેમજ રાજ્ય સત્તામંડળો અને ઉદ્યોગના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ એમઓયુ પર રાજેશ પાવર સર્વિસીઝ લિમિટેડના ડિરેક્ટર તથા ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર કક્ષિલ પટેલ તેમજ ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર આઈએએસ અજય પ્રકાશે હસ્તાક્ષર કર્યા હતા. એમઓયુના ભાગરૂપે અમદાવાદ સ્થિત રાજેશ પાવર સર્વિસીઝ ગુજરાતના વિવિધ ભાગોમાં ઓવરહેડ એચટી (હાઈ ટેન્શન) લાઈનોને અંડરગ્રાઉન્ડ કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવા માટેના ટર્નકી પ્રોજેક્ટ્સ ઊભા કરશે અને તેનું અમલીકરણ કરશે. આ પ્રોજેક્ટ્સ આગામી વર્ષોમાં ૩૩,૦૦૦થી વધુ લોકો માટે રોજગારી ઊભી કરવાની સંભાવના ધરાવે છે જે ગુજરાત સરકારની ગુજરાતમાં સ્કીલ ડેવલપમેન્ટ અને સમાવેશક આર્થિક વિકાસ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ અંગે રાજેશ પાવર સર્વિસીસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર કુરાંગ પંચાલે જણાવ્યું હતું કે ગુજરાતના મહેસાણા ખાતે યોજાઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ૨૦૨૫નો ભાગ બનતા અમને આનંદ થાય છે. ગુજરાત સરકારના સતત વિશ્વાસ અને સમર્થન બદલ અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

### સમા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે

## સિંગાપોરમાં લેબર સપ્લાય કરવાના નામે વડોદરાના કોન્ટ્રાક્ટર સાથે ૩૮ લાખની ઠગાઈ

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

વડોદરાના એક કોન્ટ્રાક્ટર સાથે સુરતના ભેજાબાજે વિદેશમાં લેબર સપ્લાય કરવાના નામે ૩૮ લાખ જેટલી રકમ પડાવી લીધી હોવાનો બનાવ બનતા સમા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

છાણી જકાતનાકાની શિવમ સોસાયટીમાં રહેતા દિલીપભાઈ લખમાણીએ પોલીસને કહ્યું છે કે, મારી સાઈટ પર મિસ્ત્રી કામ કરતા દીપકભાઈ મારફતે સુરતના લેબર સપ્લાયર આશિષ બીપીનભાઈ મિસ્ત્રી (સૌરાષ્ટ્ર દર્શન રેસીડેન્સી, બીઓબી પાસે, કઠોદરા, સુરત) નો સંપર્ક થયો હતો.

આશિષ મિસ્ત્રીએ મને કહ્યું હતું કે તે વિદેશમાં લેબર સપ્લાય કરે છે અને આપણે પાર્ટનરશીપમાં કામ કરી શકીએ તેમ છીએ. ઓક્ટોબર ૨૦૨૩ માં આશિષ મિસ્ત્રીએ સિંગાપુરમાં ૩૦ લેબર સપ્લાય કરવા માટે મારી પાસે લેબરોની ડિટેલ મેળવી હતી. દિલીપભાઈએ કહ્યું છે કે, આશિષ મિસ્ત્રીએ મને એક લેબર દીઠ ૧.૨૦ લાખનું ઈન્વેસ્ટમેન્ટ કરવાનું કહ્યું હતું. જેની સામે કામદાર વિદેશ પહોંચે એટલે ૫૦% રકમ પરત આપશે અને કામદારને ૮૦૦૦૦ સેલરી મળશે તેમાંથી પણ કમિશન આપવાની વાત કરી હતી. જેથી ૩૦ લેબર પેટે મેં ૩૭.૯૮ લાખ રૂપિયા મોકલ્યા હતા. આશિષે કોર્ટ મેનપાવર રિસોર્સીસ ટ્રાલી સિંગાપુરના નામે કોન્ટ્રાક્ટના ફોર્મ પર સહીઓ પણ મેળવી હતી. ત્યારબાદ તેને કેટલાક કામદારોની ટિકિટો પણ મોકલી હતી.

જે ટિકિટો આગલે દિવસે કેન્સલ થઈ છે તેમ તેણે કહ્યું હતું. આમ, આશિષભાઈની વર્તણુક શંકાસ્પદ જણાઈ હતી અને મારો ફોન પણ રિસીવ નહીં કરી ઉડાવ જવાબ આપતા હોવાથી મેં પૈસાની ઉઘરાણી કરી હતી. પરંતુ એમણે એક પણ લેબરને મોકલ્યા નથી અને પૈસા પણ પરત કરતા નથી. જેથી સમા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

## બિલોદરા ફાટક પાસે બે આખલા બાખડતા વાહનચાલકો અટવાયા

। (એજન્સી) નડિયાદ, તા.૧૦ ।

ગુજરાતમાં રખડતા ઢોરોનો ત્રાસ હજી પણ યથાવત છે. હાઈકોર્ટના કડક આદેશો બાદ પણ તંત્ર રખડતા ઢોરોને રોડ પરથી દૂર કરવામાં નિષ્ફળ રહ્યું છે. અનેક વિસ્તારોમાં રસ્તા પર ફરી રહેલા ઢોરોના ત્રાસથી લોકો હેરાન પરેશાન થઈ ગયાં છે. ત્યારે નડિયાદમાં બિલોદરા ફાટક પાસે બે આખલા બાખડતા વાહનચાલકોમાં ભય ફેલાયો હતો. જાહેરમાં બે આખલાઓ બાખડતા લોકોમાં ભય ફેલાયો હતો. ઢોર નિયંત્રણ વિભાગ સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યાં છે.પ્રાપ્ત વિગતો પ્રમાણે નડિયાદ મહાનગર પાલિકાના વિસ્તારમાં ઢોર નિયંત્રણ વિભાગની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયાં છે. જાહેર માર્ગ પર બે આખલાઓ વચ્ચે યુદ્ધ ખેલાયું હતું. ભુરાંટા થયેલા આખલાઓએ આખો રોડ બાનમાં લીધો હતો. બિલોદરા ફાટક પાસે બે આંખલાઓએ હાઈવેને બાનમા લીધો હતો. આ રસ્તેથી પસાર થનારા વાહનચાલકો અટવાયા હતાં. મુખ્ય માર્ગ પર જ બે આખલાઓ બાખડતા વાહનચાલકોમાં ભય ફેલાયો હતો.

### ઘર્ષણ થતાં પોલીસનો લાઠીચાર્જ, 3ને ઇજા

## આજવા રોડ પર દબાણ હટાવવા ગયેલી ટીમનો વિરોધ

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।



શહેરના વિકાસ માટે મહત્ત્વની ગણાતી કોર્પોરેશનની દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન આજે આજવા રોડ વિસ્તારમાં ઉગ્ર ઘર્ષણ સર્જાયું હતું. ઈબ્રાહિમ બાવા આઈટીઆઈ પાસેના મુખ્ય ટીપી સ્કીમના રસ્તા પરના ગેરકાયદે દબાણો દૂર કરવા પહોંચેલી કોર્પોરેશનની ટીમ અને સ્થાનિક રહીશો વચ્ચે મોટો વિવાદ થતા પોલીસને મામલો શાંત પાડવા માટે લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કોર્પોરેશન દ્વારા ગેરકાયદે બાંધકામો અને દબાણો તોડવાની કામગીરી ચાલી રહી છે. આજે ટાઉન પ્લાનિંગ અને દબાણ શાખાની ટીમ આજવા રોડ પર પહોંચી હતી. મુખ્ય ટીપી રસ્તા પરના દબાણો હટાવવાની કામગીરી શરૂ થાય તે પહેલા જ સ્થાનિક રહીશોએ તેનો ઉગ્ર વિરોધ શરૂ કર્યો હતો અને કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. સ્થાનિક રહીશોનો વિરોધ આક્રમક બનતા કોર્પોરેશનની ટીમ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. પરિસ્થિતિ વણસતા ત્યાં હાજર પોલીસ કાફલાએ સૌપ્રથમ રહીશોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિરોધીઓ ન માનતા આખરે પોલીસને હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. પોલીસના લાઠીચાર્જ અને ભાગદોડને કારણે વિસ્તારમાં થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં બેથી ત્રણ જેટલા વ્યક્તિઓને ઈજા પહોંચી હોવાની માહિતી જાણવા મળી છે. જોકે, પોલીસે કડક વલણ અપનાવતા મામલો થાળે પડ્યો હતો.

## વિશેષ

### મહેસાણાની ગણપત યુનિવર્સિટી ખાતે આયોજિત વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)ના બીજા દિવસે પ્રાદેશિક સ્જીસ્ઈ કોક્લેવ યોજાઇ

# ‘MSMEs સમૃદ્ધ થશે, તો ગુજરાત સમૃદ્ધ થશે, અને ગુજરાત સમૃદ્ધ થશે તો વિકસિત ભારતનું વિઝન પણ સાકાર થશે’ – શ્રી સંદીપ સાગલે, MSME કમિશનર

। (માહિતી) અમદાવાદ ।

મહેસાણાની ગણપત યુનિવર્સિટી ખાતે આયોજિત બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) માં બીજા દિવસે એટલે કે ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પ્રાદેશિક MSME કોક્લેવ યોજાઈ હતી. ‘ઉદ્યમ ઉત્કર્ષ: મજબૂત MSMEs, સશક્ત ભારત’ (Udyam Utkarsh: Strengthening MSMEs, Strengthening Bha®a)ના મુખ્ય થીમ સાથે આ કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના MSME કમિશનર શ્રી સંદીપ સાગલે દ્વારા પ્રાદેશિક MSME કોક્લેવની શરૂઆત કરવામાં આવી હતી. આ કોક્લેવમાં કમિશનરશ્રી સંદીપ સાગલેએ જણાવ્યું કે, બે દાયકા પહેલા ભારતના વડાપ્રધાનશ્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની પરિકલ્પના આપી હતી અને વર્ષ ૨૦૦૩માં આ સમિટની શરૂઆત કરી હતી. આજે આ સમિટના લાભો ગુજરાતના પ્રાદેશિક સ્તર સુધી પહોંચાડવા માટે સમગ્ર ગુજરાતમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસનું આયોજન કરવામાં આવ્યું છે, જે વિકસિત ભારત @2047ના વિઝનને સાકાર કરશે.



ગુજરાતના MSMEs વિશે વાત કરતા શ્રી સંદીપ સાગલેએ જણાવ્યું કે, ગુજરાતના MSMEs આકરી મહેનત અને સ્થિતિસ્થાપકતા પ્રદર્શિત કરે છે. આ MSMEs લાખો લોકોને રોજગાર આપે છે, ગુજરાતના ઔદ્યોગિક આઉટપુટ અને જીડીપીમાં યોગદાન આપે છે અને તેના થકી ભારતની જીડીપીમાં યોગદાન આપે છે. તેમણે કહ્યું કે, આજે જ્યારે આપણે વિકસિત ભારતની દિશામાં આગળ વધી રહ્યા છીએ, ત્યારે આપણે ફોકસ કરવું પડશે. અનિશ્ચિતતાઓથી ભરેલા આ વિશ્વમાં આપણા MSMEs ફક્ત સર્વાઈવ જ ન કરે પરંતુ વિકાસ પણ કરે અને સમૃદ્ધ બને. MSMEsને મજબૂત બનાવવા માટે તેમણે - ૧) કસ્ટમર ફોકસ, ૨) ગ્લોબલ ઈન્ટિગ્રેશન, ૩) ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ૪) રેઝિલિયન્સ અને ઈનોવેશન એમ ચાર મુખ્ય બાબતો પર ફોકસ કરવાની વાત કરી હતી. તેમણે સમાપન કરતા જણાવ્યું કે, ગુજરાતે હંમેશાં ભારતના ઔદ્યોગિક વિકાસનું નેતૃત્વ કર્યું છે, તે પણ ફક્ત પોતાના કદના આધારે નહીં પણ સંપૂર્ણ સ્પિરિટ સાથે, અને આપણા MSMEs આ સ્પિરિટને આગળ ધપાવી રહ્યા છે. આપણે આપણા MSMEsને મજબૂત બનાવીએ, કારણકે MSMEs સમૃદ્ધ થશે, તો ગુજરાત સમૃદ્ધ થશે, અને ગુજરાત સમૃદ્ધ થશે તો વિકસિત ભારતનું વિઝન પણ સાકાર થશે. ત્યારબાદ વાધવાણી ફાઉન્ડેશનના સ્થાપક શ્રી મિતુલ પટેલે ‘ગુજરાતના MSMEs ની વિકાસ ક્ષમતાઓને ઉજાગર કરવી’ (અનલોકિંગ ધ ગ્રોથ પોટેન્શિયલ ઑફ ગુજરાત્સ MSMEs) વિષય પર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, વાધવાણી ફાઉન્ડેશનનું વિઝન વિકસિત ભારત સાથે સુસંગત છે. તેમણે પોતાના પ્રેઝન્ટેશનમાં MSMEsના મહત્ત્વ વિશે અને તે કેવી રીતે ગુજરાત અને ભારતના અર્થતંત્રમાં વધારો કરશે તેના વિશેનું વિઝન રજૂ કર્યું હતું. સાથે જ, તેમણે ઉત્તર ગુજરાત માટેના વર્ચ્યુઅલ બિઝનેસ ગ્રોથ એક્સીલરેટર વિશે પણ સમજણ આપી હતી. તે પછી ‘ક્લસ્ટરોથી સ્પર્ધાત્મકતા સુધી: વૈશ્વિક વ્યાપાર માટે MSMEsને સક્ષમ બનાવવા’ (ફ્રોમ ક્લસ્ટર્સ ટુ કોમ્પિટિટિવનેસ: એનેબ્લિંગ MSMEs ફોર ગ્લોબલ ટ્રેડ) વિષય પર પેનલ ચર્ચા યોજાઈ હતી. આ પેનલ ચર્ચાઓમાં નાના ઉદ્યોગોને નિકાસ વૈવિધ્યકરણ, મુક્ત વેપાર કરારોનો અસરકારક ઉપયોગ, ટેરિફ વ્યવસ્થાઓની સમજણ અને વેપાર અનિશ્ચિતતાઓ સામે સ્થિતિસ્થાપકતાના નિર્માણ થકી વૈશ્વિક મૂલ્યશૃંખલાઓમાં એકીકૃત થવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પેનલ ચર્ચામાં ભારતમાં રશિયાના જીઆર અને ફાઈનાન્સ સેક્ટર તેમજ વેપાર પ્રતિનિધિત્વના વડા સુશ્રી ઝ્લાટા અંતુશેવા, DICCIના સ્થાપક/ચેરમેન ડૉ. મિલિંદ કાંબલે, ઈન્ડિયન એક્ઝિમ ફિનસર્વના એમડી અને સીઈઓ સુશ્રી હીરવા મમતોરા, મંત્ર એગ્રી સોલ્યુશન્સ પ્રા.લિ.ના સીઈઓ શ્રી જયદીપ ભાટિયા, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસના ડાયરેક્ટર જનરલ ડૉ. આશુતોષ મુર્કુટે અને Sberbank ઈન્ડિયાના ડાયરેક્ટર શ્રી શંખો ગુપ્તાએ ભાગ લીધો હતો. પેનલ ચર્ચાના મોડરેટરની ભૂમિકા DGFT અમદાવાદના જોઈન્ટ DGFT ડૉ. રાહુલ સિંઘે નિભાવી હતી. આ પેનલ ચર્ચામાં નિયમનકારી માળખાને સમજીને, સપ્લાય ચેઈન પડકારોને સંબોધીને, ટેરિફ અને નીતિગત ફેરફારો સામે સ્થિતિસ્થાપકતા બનાવીને અને આંતરરાષ્ટ્રીય ગુણવત્તા અને ટકાઉપણાના ધોરણો સાથે સંરેખિત કરીને MSMEs ને તેમના વૈશ્વિક ફૂટપ્રિન્ટ્સને વિસ્તૃત કરવા માટે જ્ઞાન અને વ્યૂહરચનાઓથી સજ્જ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પેનલ ચર્ચાએ MSMEs માટે બજાર સુલભતા, નિકાસ વૈવિધ્યકરણ અને વૈશ્વિક જોડાણો અંગે પ્રેક્ટિકલ આંતર્દષ્ટિ પ્રદાન કરી, જે MSMEsને ક્લસ્ટરોથી આગળ વધવા, વૈશ્વિક સ્પર્ધાત્મકતા પ્રદાન કરવા અને વિકસિત ભારત @૨૦૪૭ના વિઝનમાં યોગદાન આપવા માટે સક્ષમ બનાવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# NDAમાં બિહાર ચૂંટણી માટે બેઠક વહેંચણીનું કોકડું ગુંચવાયું

## હાલમાં, કોઈપણ પક્ષ નમતું જોખવા તૈયાર નથી, ત્રણેય સહયોગી દળો પોતપોતાની માંગણીઓ પર મક્કમ છે

। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

જનતા દળ યુનાઈટેડ (JDU) અને ભારતીય જનતા પાર્ટી (BJP) એવું નક્કી કર્યું છે કે તેઓ પોતાના બેઠકોના વિતરણ પહેલાં સહયોગી પક્ષોની બેઠકોનો મુદ્દો ઉકેલશે. આ કાર્યની જવાબદારી ભાજપને સોંપવામાં આવી છે. જેડીયુએ ભાજપને સ્પષ્ટપણે જણાવ્યું છે કે પ્રથમ લોજપા (રા), રાલોમો અને હમ જેવા સહયોગી દળો વચ્ચે બેઠકોની વહેંચણી કરવામાં આવે. ત્યાર પછી જ જેડીયુ અને ભાજપ બાકીની બેઠકોનું પોતાનું વિતરણ કરશે. આ વહેંચણી માટેનો ફોર્મ્યુલા બચેલી બેઠકોમાં અડધો-અડધો રહેશે, જેમાં સંભવતઃ એક કે બે બેઠકનો ફેરફાર થઈ શકે છે.




છેલ્લા બે-ત્રણ દિવસમાં સહયોગી પક્ષોના વલણ જોઈને જ આ નિર્ણય લેવામાં આવ્યો છે કે પહેલા તેમનો જ મામલો પતાવવામાં આવે. ચિરાગ પાસવાનની લોજપા (રા) એ ૪૦ બેઠકોની માંગ કરી છે, તો ઉપેન્દ્ર કુશવાહાની રાલોમોને ૨૦ બેઠકોની જરૂર છે. એ જ રીતે જીતન રામ માંઝીની હમને ઓછામાં ઓછી ૧૫ બેઠકો જોઈએ છે. હાલમાં, કોઈપણ પક્ષ નમતું જોખવા તૈયાર નથી, ત્રણેય સહયોગી દળો પોતપોતાની માંગણીઓ પર મક્કમ છે. પરિણામે, સહયોગી પક્ષોની કુલ માંગ વધીને ૭૫ બેઠકો સુધી પહોંચી ગઈ છે. આનાથી જેડીયુ-ભાજપ માટે પરિસ્થિતિ ગૂંચવાઈ ગઈ છે, કારણ કે તેમની પાસે હવે માત્ર ૧૬૮ બેઠકો જ બાકી રહે છે. બીજી તરફ, જેડીયુ અને ભાજપ પોતે ઓછામાં ઓછી ૧૦૧-૧૦૩ બેઠકો પર ચૂંટણી લડવા માંગે છે, જ્યારે સહયોગી દળો માટે માત્ર ૩૮-૪૦ બેઠકો જ વહેંચવાની યોજના હતી. ઉલ્લેખનીય છે કે, એકલા જેડીયુની માંગ તો ૧૦૯ બેઠકોની છે. મૂળ યોજના મુજબ, અન્ય સહયોગી પક્ષો માટે માત્ર ૩૩ બેઠકો જ બાકી રહેવાની હતી, જેમાં એક-બે બેઠકનો ફેરફાર કરવાની સંભાવના હતી. જોકે, સહયોગી પક્ષોની નવી અને ઊંચી માંગણીઓને કારણે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. હવે સહયોગી પક્ષોની બેઠકોની ભાગીદારીમાં ચોક્કસપણે વધારો થશે. આ કારણોસર જ, જેડીયુએ ભાજપ સાથે પોતાની બેઠકોની વહેંચણી શરૂ કરતાં પહેલાં અન્ય ત્રણેય સહયોગી પક્ષોની બેઠકો નક્કી કરવા પર ભાર મૂક્યો છે.

# નવા ઉપરાષ્ટ્રપતિના વડપણ હેઠળની પહેલી જ બેઠકમાં ભારે હોબાળો



। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણનના નેતૃત્વ હેઠળ યોજાયેલી રાજ્યસભા ફ્લોર લીડર્સની બેઠકમાં સરકાર અને વિપક્ષ વચ્ચે બોલાચાલી થઈ છે. બેઠકમાં વિપક્ષે ભાજપ પર આક્ષેપ કર્યો છે કે, તે સંસદમાં વિપક્ષનો અવાજ દબાવી રહ્યું છે અને સવાલોના જવાબ આપવાથી અંતર જાળવી રહ્યું છે.

બેઠકમાં રાજ્યસભાના નેતા જેપી નડ્ડા પણ ઉપસ્થિત હતાં. માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી (ૐ-સ)ના સાંસદ જ્હોન બ્રિટાસે સરકાર પર ગંભીર આરોપ મૂક્યા છે કે, તે હંમેશા સવાલોના જવાબ આપવાનું ટાળે છે અને પારદર્શિતાથી કામ કરવાનો ઈનકાર કરે છે. મીડિયા રિપોર્ટ અનુસાર, સરકાર એવા સવાલોની મંજૂરી સુધ્ધા પણ આપતી નથી, જેની જાણકારી સામાન્ય જનતા આરટીઆઈ (સૂચનાના અધિકાર) મારફત હાંસલ કરવા માગે છે. તેનું આ વલણ લોકતંત્ર માટે જોખમી સંકેત આપે છે. બ્રિટાસે જણાવ્યું હતું કે, નવા સંસદ ભવનના ખર્ચ સંબંધિત સવાલ પૂછવાની મંજૂરી આપી ન હતી. તેમજ પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની આયાત પર પૂછવામાં આવેલા સવાલોને ગોપનીય હોવાનું કહી જવાબ આપવાનું ટાળ્યું હતું. જ્યારે આ માહિતી ઓઈલ કંપનીઓના સંગઠન જાહેર કરતાં હોય છે.

વિપક્ષના નેતાઓનું કહેવું છે કે, સંસદમાં સરકાર માહિતી જાહેર કરવામાં ખચકાટ અનુભવે છે. અનેક વખત જનતાના હિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર ચર્ચા કરવાનું પણ ટાળી રહી છે. જો કે, સંસદ જ સરકારને સવાલો કરવાનું સર્વોચ્ચ મંચ છે. જો ત્યાં જ સવાલો નહીં પૂછી શકાય તો પછી જવાબદારી કોણ લેશે? સુત્રો અનુસાર, બેઠક દરમિયાન ભાજપ નેતાઓએ વિપક્ષના આ આક્ષેપો પર સ્પષ્ટ પ્રતિક્રિયા આપી નથી. તેમણે એટલું જરૂર કહ્યું છે કે, તમામ પ્રશ્ન સંસદના નિયમો અને પ્રક્રિયા અનુસાર સ્વીકારવામાં આવે છે. ઉલ્લેખનીય છે, છેલ્લા કેટલાક સેશનમાં સંસદમાં સવાલોનો અસ્વીકાર અને વિપક્ષ સાંસદોના સસ્પેન્શન મુદ્દે વારંવાર વિવાદ થયો છે. વિપક્ષનું કહેવું છે કે, તેનાથી સંસદનું લોકતાંત્રિક ચરિત્ર નબળું પડી રહ્યું છે. જ્યારે સરકારનો તર્ક છે કે, તે સદનમાં સદભાવના અને અનુશાસન જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી છે.

# પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીએ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી




। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

પ્રશાંત કિશોરની પાર્ટી જન સૂરજે બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જન સુરાજ પાર્ટીની પ્રથમ યાદીમાં ૫૧ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. પ્રશાંત કિશોર કઈ બેઠક પરથી ચૂંટણી લડશે તે અંગે સસ્પેન્સ હજુ પણ છે. ભોજપુરી ગાયક રિતેશ પાંડેને કરગહર બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે, જ્યાંથી પ્રશાંત કિશોર ચૂંટણી લડવાના હતા તેવી ચર્ચાઓ ચાલતી હતી.

દરભંગાથી આરકે મિશ્રા, ગોપાલગંજથી પ્રીતિ કિન્નર, કુમ્હરારથી કેસી સિંહા, માંઝીથી વાય બી ગિરીને ટિકિટ આપવામાં આવી છે. વાલ્મીકીનગરથી દીર્ઘ નારાયણ પ્રસાદ, પૂર્ણિયાના અમૌરથી અફરોઝ આલમ, કટિહારના પ્રાણપુરથી કુણાલ નિષાદ, સુપૌલથી નિર્મલી રામપ્રવેશ કુમાર યાદવ, સુરસંડથી ઉષા કિરણ, લોરિયાથી સુનીલ કુમારને ટિકિટ આપવામાં આવી છે. જન સૂરજ કાર્યકર્તા અમોદ નારાયણ ઝાએ ટિકિટ કપાતા સમર્થકોએ પાર્ટી ઓફિસમાં હોબાળો મચાવ્યો હતો. તેમના સ્થાને પરવેઝ આલમને મધુબનીના બેનીપટ્ટી વિધાનસભા સીટથી ટિકિટ આપવામાં આવી છે.

# WHOએ પૂછ્યું - શું બીજા દેશોમાં સપ્લાય કરાઈ હતી?

। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

કફ સિરપ પીધા પછી ૨૨ બાળકોના મોતથી સમગ્ર દેશમાં શોકનું મોજું ફરી વળ્યું છે. નિર્દોષ બાળકો માટે કફ સિરપ કેટલી સલામત છે તે પ્રશ્ન પણ ચર્ચાઈ રહ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પણ આ મુદ્દે સવાલ ઉઠાવ્યા છે, ભારતીય અધિકારીઓને પૂછ્યું છે કે, શું બાળકોને આપવામાં આવેલી કફ સિરપની અન્ય દેશોમાં નિકાસ થાય છે? કોલ્ડ્રિફ નામની કફ સિરપ પર WHO એ આ સવાલ કર્યો છે. તપાસમાં સિરપમાં ડાયેથિલિન ગ્લાયકોલ (DG) નું વધુ પ્રમાણ હોવાનું જાણવા મળ્યું છે. વધુમાં, ઈથિલિન ગ્લાયકોલ (EG) નું પણ વધુ પ્રમાણ મળી આવ્યું છે. ભારતીય અધિકારીઓ તરફથી જવાબ મળ્યા પછી, વર્લ્ડ






હેલ્થ ઓર્ગેનાઈઝેશન નક્કી કરશે કે ગ્લોબલ મેડિકલ પ્રોડક્ટ્સ માટે એલર્ટ જારી કરવું કે નહીં. ગ્લોબલ સંસ્થા ખામીયુક્ત પ્રોડક્ટ્સ માટે એલર્ટ જારી કરવાની તૈયારી કરી રહી છે. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, મધ્યપ્રદેશમાં આ કફ સિરપ પીધા પછી ૨૨ બાળકોના મોત થયા છે, અને પાંચની હાલત ગંભીર છે. વધુમાં, રાજસ્થાનના વિવિધ જિલ્લાઓમાંથી ત્રણ મૃત્યુ નોંધાયા છે. સૂત્રો અનુસાર, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પૂછપરછ કરી છે કે શું આવી સિરપની અન્ય દેશોમાં નિકાસ કરવામાં આવી છે. જો એમ હોય, તો એક એડવાઈઝરી જાહેર કરવામાં આવશે. યુરોપિયન યુનિયન દ્વારા પણ આ સવાલ ઉઠાવવામાં આવ્યો છે. ભારતના ડ્રગ કંટ્રોલર જનરલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને કોઈપણ ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ બજારમાં રજૂ કરતા પહેલા પૂરતી તપાસ કરવાનો આદેશ આપ્યો છે. એજન્સીએ એમ પણ જણાવ્યું છે કે કેટલાક નિરીક્ષણોમાં ખામીઓ રહી છે. એજન્સીએ તમામ પ્રોડક્ટ્સને બજારમાં રજૂ કરતા પહેલા દરેક બેચનું સંપૂર્ણ નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસના સંદર્ભમાં ફાર્માસ્યુટિકલ કંપનીના માલિકની પણ ધરપકડ કરવામાં આવી છે. મધ્યપ્રદેશમાં સૌથી વધુ મૃત્યુ છિંદવાડા જિલ્લામાં નોંધાયા છે.

# ટ્રમ્પની શાંતિ યોજનાના પહેલા તબક્કા પર થયેલી સમજુતિનું સ્વાગત કરીએ છે



। (એજન્સી) હમાસ, તા.૧૦ ।

ઈઝરાયલ અને હમાસ અમેરિકાની મધ્યસ્થા બાદ શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પર સહમત થયા છે. તેની જાહેરાત ખુદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કરી છે. આ નિર્ણયનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વાગત કર્યું છે. તેમણે એક્સ પર લખ્યુ કે, અમે રાષ્ટ્રપતિ ટ્રમ્પની શાંતિ યોજનાના પહેલા તબક્કા પર થયેલી સમજુતિનું સ્વાગત કરીએ છીએ. આ પ્રધાનમંત્રી નેતન્યાહૂના સશક્ત નેતૃત્વનું પ્રતીક છે. અમને આશા છે કે બંધકોની મુક્તિ અને ગાઝાના લોકોને માનવીય સહાયતામાં વધારાથી તેને રાહત મળશે અને સ્થાયી શાંતિનો માર્ગ મોકળો બનશે. ઈઝરાયલ અને હમાસની સમજુતિ ગાઝામાં ચાલી રહેલ યુદ્ધ રોકવા અને કેદીઓની મુક્તિ કરવા પર કેન્દ્રીત છે. આ ઐતિહાસિક સમજુતિ પર ગુરૂવારે મિસ્ત્રમાં હસ્તાક્ષર થયા. ટ્રમ્પે તેને સ્થાયી શાંતિની દિશામાં પ્રથમ પગલું ગણાવ્યું, જ્યારે ઈઝરાયલી પ્રધાનમંત્રી નેતન્યાહૂએ તેને કૂટનીતિક સફળતા અને નૈતિક જીત ગણાવી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કરીને લખ્યું, “મને ગર્વ છે કે ઈઝરાયલ અને હમાસ બંને અમારી શાંતિ યોજનાના પ્રથમ તબક્કા માટે સંમત થયા છે. આનો અર્થ એ છે કે બધા બંધકોને ટૂંક સમયમાં મુક્ત કરવામાં આવશે અને ઈઝરાયલી સેના નિયુક્ત સરહદ પર પાછી ખેંચી લેશે. આ સ્થાયી શાંતિ તરફનું પ્રથમ પગલું છે.” તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમામ પક્ષો સાથે સમાન વર્તન કરવામાં આવશે. આ દિવસ આરબ અને મુસ્લિમ વિશ્વ, ઈઝરાયલ, યુનાઈટેડ સ્ટેટ્સ અને વિશ્વભરના તમામ શાંતિપ્રિય દેશો માટે ઐતિહાસિક છે. ટ્રમ્પે આ વાટાઘાટોને શક્ય બનાવવામાં મહત્વપૂર્ણ મધ્યસ્થી ભૂમિકા ભજવવા બદલ કતાર, ઈજિપ્ત અને તુર્કીનો ખાસ આભાર માન્યો.

# અફઘાની વિદેશમંત્રી અમીર ખાન મુત્તાકી ભારત પહોંચ્યા

। (એજન્સી) તાલિબાન, તા.૧૦ ।

તાલિબાન સત્તામાં આવ્યા પછી, અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકી પ્રથમ વખત ભારતની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. આ યાત્રાને ભારત અને તાલિબાન શાસન વચ્ચેના ઉચ્ચ-સ્તરીય સંપર્કનું સૌથી મોટું પ્રતીક ગણવામાં આવે છે, જે અફઘાનિસ્તાનમાં અશરફ ગની સરકારના પતનનાં ચાર વર્ષ બાદ થઈ રહી છે. મુત્તાકીનો પ્રવાસ ગયા મહિને જ નવી દિલ્હી માટે નિર્ધારિત હતો, પરંતુ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (ંદ્રજીઝ) દ્વારા લાદવામાં આવેલા પ્રવાસ પ્રતિબંધના કારણે તે રદ કરવો પડ્યો હતો. જોકે, ૩૦ સપ્ટેમ્બરે, ંદ્રજીઝની સમિતિએ મુત્તાકીને અસ્થાયી છૂટ આપી, જેના પગલે તેમને ૯ થી ૧૬ ઓક્ટોબર દરમિયાન નવી દિલ્હી આવવાની મંજૂરી મળી. ંદ્રજીઝએ તાલિબાનના તમામ મુખ્ય નેતાઓ વિરુદ્ધ પ્રતિબંધો લગાવ્યા છે અને તેમને વિદેશ પ્રવાસ માટે આ પ્રકારની છૂટ મેળવવી પડે છે. મુત્તાકીના આ પ્રવાસથી કાબુલમાં તાલિબાન શાસન સાથે ભારતના સંબંધોને એક નવું પરિમાણ



મળવાની આશા છે. આ પહેલાં, વિદેશ મંત્રી એસ. જયશંકરે ૧૫ મેના રોજ મુત્તાકી સાથે ફોન પર વાતચીત કરી હતી. તાલિબાન સત્તામાં આવ્યા પછી નવી દિલ્હી અને કાબુલ વચ્ચે આ ઉચ્ચ સ્તરનો સંપર્ક હતો. ભારતે હજી સુધી તાલિબાન સરકારને માન્યતા આપી નથી અને કાબુલમાં ખરેખર સર્વસમાવેશક સરકારની રચના પર ભાર આપી રહ્યું છે. ભારત સરકાર એ વાત પર પણ ભાર મૂકતી રહી છે કે અફઘાન જમીનનો ઉપયોગ કોઈ પણ દેશ વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે થવો જોઈએ નહીં. જાન્યુઆરીમાં, તાલિબાન શાસને વિદેશ સચિવ વિક્રમ મિસરી અને મુત્તાકી વચ્ચેની વાતચીત બાદ ભારતને એક મહત્ત્વપૂર્ણ પ્રાદેશિક અને આર્થિક શક્તિ ગણાવ્યું હતું.

# પત્ની અમનીતે DGP અને SP વિરુદ્ધ નોંધાવી ફરિયાદ

## પત્ની અમનીતનું કહેવું છે કે તેમના પતિનું મોત આ અધિકારીઓની હેરાનગતિના કારણે થયું છે

। (એજન્સી) હરિયાણા, તા.૧૦ ।

હરિયાણાના આઈપીએસ અધિકારી વાય પૂરનકુમારની આત્મહત્યાના મામલે હાલ એક મોટું અપડેટ સામે આવ્યું છે. તેમની પત્ની અને આઈએએસ અધિકારી અમનીત પી કુમારે પોલીસમાં ફરિયાદ દાખલ કરી છે. તેમણે હરિયાણાના ડીજીપી શત્રુજીત કપૂર અને રોહતકના એસપી નરેન્દ્ર બીજરાનિયા વિરુદ્ધ ગંભીર આરોપ લગાવ્યા છે. અમનીતનું કહેવું છે કે તેમના પતિનું મોત આ અધિકારીઓની હેરાનગતિના કારણે થયું છે. અમનીતે સેક્ટર ૧૧ પોલીસ સ્ટેશનના SHO ને લખેલા પત્રમાં કહ્યું છે કે ડીજીપી અને એસપી વિરુદ્ધ બીએનએસની કલમ ૧૦૮ અને SC/S એક્ટ હેઠળ મામલો નોંધવામાં આવે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમના પતિને ઉચ્ચ અધિકારીઓ દ્વારા જાતિના આધારે હેરાન કરાયા હતા. અમનીતે જણાવ્યું કે તેમના પતિએ પોતાની સ્યૂસાઈડ નોટમાં આ હેરાનગતિનો ઉલ્લેખ કર્યો છે. વાય પૂરનકુમારે પત્નીને પહેલેથી જ જણાવી દીધુ હતું કે તેમને જીડીપી શત્રુજીત કપૂર દ્વારા એક ખોટા કેસમાં ફસાવવામાં આવી રહ્યા છે. આ મામલો રોહતકમાં અર્બન સ્ટેટ પોલીસ મથકમાં કલમ ૩૦૮ હેઠળ નોંધાયો હતો. અમનીતે કહ્યું કે તેમના પતિના સ્ટાફ મેમ્બર સુનીલને પણ આ ષડયંત્રનો શિકાર બનાવવામાં આવ્યો છે. આ મામલે પુરાવા સાથે છેડછાડ કરાઈ છે અને તેમને ખોટા




આરોપમાં ફસાવવામાં આવ્યા છે. અમનીતે ન્યાયની માંગણી કરી છે અને કહ્યું કે તેમને સ્યૂસાઈડ નોટની વધુ એક કોપી મળી છે જેને તે પોલીસ સાથે શેર કરશે. અમનીત પી કુમારે સ્પષ્ટ રીતે કહ્યું કે, તેમને ન્યાય જોઈએ છે. તેમણે અધિકારીઓની હેરાનગતિને લઈને અનેકવાર ફરિયાદ કરી છે પરંતુ કોઈ કાર્યવાહી થઈ નહીં. હવે તેમણે પોલીસને આગ્રહ કર્યો છે કે આ મામલેને ગંભીરતાથી લઈને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. આ મામલો ફક્ત એક અધિકારીના મોતનો નથી પરંતુ એક પત્નીની ન્યાયની શોધનો પણ છે.

એક મીડિયા રિપોર્ટમાં એવો ખુલાસો થયો છે કે ઘટનાના બરાબર એક દિવસ પહેલા તેમણે ૬ ઓક્ટોબરના રોજ એક વસીયત પણ તૈયાર કરી હતી. જેમાં પોતાની તમામ ચલ અચલ સંપત્તિ પત્ની અને વરિષ્ઠ આઈએએસ અધિકારી અમનીત પી કુમારના નામે કરી હતી. આ સાથે ૯ પાનાની સ્યૂસાઈડ નોટ લખી જે તેમણે પત્નીને પણ મોકલી હતી. તેમના પત્ની તે સમયે મુખ્યમંત્રી નાયબસિંહ સૈની સાથે એક સરકારી પ્રવાસે જાપાન ગયા હતા. પૂરનકુમારે તેમને જ્યારે વસીયત અને સ્યુસાઈડ નોટ મોકલી તો અમનીતકુમારે તેમને ૧૫ વખત ફોન કર્યા પરંતુ તેમણે એક પણ વખત ફોન રિસીવ કર્યો નહીં. ગભરાઈને અમનીતે નાની દીકરી અમૂલ્યાને ફોન કરીને તરત પિતા સાથે વાત કરાવવા જણાવ્યું. માતાના ફોન બાદ અમૂલ્યા ઘરે પહોંચી અને બેઝમેન્ટમાં પિતા સોફા પર પડ્યા હતા અને લોહીથી લથપથ હતા.

# ૨૧ વર્ષના એક્ટર પ્રિયાંશુની મિત્રએ જ ગળું કાપી કરી હત્યા

। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

અભિનેતા પ્રિયાંશુ ઉર્ફે બાબુ રવિ સિંહ છેત્રીની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે. તેણે વર્ષ ૨૦૨૨માં અમિતાભ બચ્ચન સાથેની ફિલ્મ ‘ઝુંડ’ માં અભિનય કરીને લોકપ્રિયતા મેળવી હતી. મળતી જાણકારી મુજબ પ્રિયાંશુને તારથી બાંધીને ખૂબ જ ક્રૂરતાથી મારવામાં આવ્યો, તેનું ગળું કાપીને પથ્થરથી ચહેરો કચડી નાખવામાં આવ્યો હતો. તેમજ હત્યાનું કારણ આપસી દુશ્મની હોવાનું સામે આવ્યું છે. અહેવાલ મુજબ, નાગપુરમાં બુધવાર, ૮ ઓક્ટોબરના વહેલી સવારે ૨૧ વર્ષીય પ્રિયાંશુ અને તેના મિત્ર વચ્ચે ઝઘડો થયો



હતો. આ ઝઘડા બાદ મિત્રએ પ્રિયાંશુની હત્યા કરી દીધી. પોલીસે આરોપી મિત્ર ધ્રુવ લાલ બહાદુર સાહૂ (૨૦)ની ધરપકડ કરી છે. આ ઘટના નાગપુરના ઝરીપટકા પોલીસ સ્ટેશન વિસ્તારના નારામાં બની હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, પ્રિયાંશુ અને આરોપી ધ્રુવ સાહૂ મિત્રો હતા અને સાથે દારૂ પીતા હતા. મંગળવારે અડધી રાત પછી, ધ્રુવની મોટરસાયકલ પર તેઓ ઝરીપટકા વિસ્તારના એક ખાલી ઘરમાં દારૂ પીવા ગયા. ત્યાં બંને વચ્ચે ઝઘડો થયો. શરૂઆતમાં ધ્રુવે પ્રિયાંશુને ધમકાવ્યો અને સૂઈ ગયો. પરંતુ, અચાનક જ તેણે પ્રિયાંશુને તારથી બાંધ્યો, પછી તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો. ધ્રુવે પ્રિયાંશુનું ગળું કાપી નાખ્યું અને પથ્થરથી ચહેરો કચડી નાખ્યો. ઘટનાની માહિતી મળતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને પ્રિયાંશુ છેત્રીના મૃતદેહને કબજે કરી લીધો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને મામલાની તપાસ શરૂ કરી દેવામાં આવી. પોલીસે જણાવ્યું કે, ખતરાના ડરથી ધ્રુવ સાહૂએ કથિત રીતે પ્રિયાંશુ છેત્રીને તારથી બાંધી દીધો અને તેના પર ધારદાર હથિયારથી હુમલો કર્યો. સ્થાનિક લોકોએ પ્રિયાંશુને ઈજાગ્રસ્ત હાલતમાં જોયો અને પોલીસને જાણ કરી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે પ્રિયાંશુ છેત્રી અર્ધનગ્ન અવસ્થામાં હતો અને પ્લાસ્ટિકના તારથી બંધાયેલો હતો. ત્યારબાદ તેને મેયો હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ સારવાર દરમિયાન તેને મૃત જાહેર કર્યો.

## તંત્રી લેખ...

# ભારતની સરહદ ચીન સાથે નહીં પણ તિબેટ સાથે છે

નેરેટિવ સેટ કરવાના ખેલમાં અરુણાચલ પ્રદેશના CM પેમા ખાંડૂએ ચીનને તેની જ સ્ટાઈલમાં જવાબ આપ્યો છે. પેમા ખાંડૂએ ગુરુવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, અરુણાચલ પ્રદેશની સરહદ ચીન સાથે નથી લાગતી તિબેટ સાથે લાગે છે. પહેલી નજરે તેનું નિવેદન વિચિત્ર અને ખોટું લાગી શકે છે કારણ કે, શરુઆતથી જ આપણને કહેવામાં આવ્યું છે કે, પૂર્વ દિશામાં ભારતની લગભગ ૧૨૦૦ કિલોમીટરની સરહદ ચીન સાથે લાગે છે પરંતુ આ તથ્યને અરુણાચલ પ્રદેશના સીએમ પેમા ખાંડૂએ ડિપ્લોમેટિક ટ્વિસ્ટ આપી દીધો છે. પેમા ખાંડૂએ કહ્યું કે, ભારતનું અરુણાચલ પ્રદેશ રાજ્ય ચીન સાથે નહીં પરંતુ તિબેટ સાથે ૧૨૦૦ કિલોમીટરની સરહદ ધરાવે છે. મુખ્યમંત્રી પેમા ખાંડૂએ આ નિવેદન ત્યારે આપ્યું છે જ્યારે દલાઈ લામાના બહાને તિબેટ ચર્ચામાં છે. આ ઉપરાંત ચીન ઘણીવાર અરુણાચલ પ્રદેશ પર પોતાનો ગેરકાયદેસર અને પાયાવિહોણો દાવો કરતું આવ્યું છે. આ દાવાની પુષ્ટિ માટે ચીન એકપક્ષીય રીતે આ પ્રદેશના ઘણા વિસ્તારોના નામ બદલતું રહે છે. ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે તેમને જણાવવામાં આવ્યું કે, અરુણાચલ પ્રદેશની ૧૨૦૦ કિલોમીટરની સરહદ ચીન સાથે લાગે છે ત્યારે તરત જ તેમને અટકાવતા કહ્યું કે, હું તમારી ભૂલ સુધારી દઉં છું, અમારી સરહદ તિબેટ સાથે છે ચીન સાથે નહીં. તેમણે આગળ કહ્યું કે, જો તમે નકશો જુઓ સત્ય એ છે કે ભારતના રાજ્યને સીધી રીતે ચીનની સરહદ નથી લાગતી, અમારી સરહદ માત્ર તિબેટ સાથે છે. એ સાચું છે કે, ૧૯૫૦માં ચીન ત્યાં આવ્યું અને બળજબરીથી તિબેટ પર કબજો કરી લીધો, આ વાતને નકારી ન શકાય, આ વાત અલગ છે, સત્તાવાર રીતે તિબેટ હવે ચીન હેઠળ છે.

## નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ઉત્તર ગુજરાતના આર્થિક વિસ્તાર માટે તૈયાર કરવામાં આવેલા આર્થિક માસ્ટર પ્લાન અંગે સેમિનાર યોજાયો




। (માહિતી) અમદાવાદ ।

ઉત્તર ગુજરાતના મહેસાણાની ખેરવા ખાતે ગણપત યુનિવર્સિટીના પરિસરમાં આયોજિત 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ'ના બીજા દિવસે રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ઉત્તર ગુજરાતના આર્થિક વિસ્તાર માટે તૈયાર કરવામાં આવેલા આર્થિક માસ્ટર પ્લાન અંગે સેમિનાર તેમજ પેનલ ડિસ્કશન આયોજન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આ માસ્ટર પ્લાન ગુજરાતના ૩૩ જિલ્લામાં સંતુલિત પ્રાદેશિક વિકાસ દ્વારા રાજ્યની અર્થવ્યવસ્થાને વર્તમાન ૨૮૦ બિલિયન ડૉલર (નાણાકીય વર્ષ ૨૦૨૩) ના કદથી વધારીને ૩.૫ ટ્રિલિયન ડૉલરથી વધુ સુધી પહોંચાડવાના મહત્ત્વકાંક્ષી લક્ષ્યને સિદ્ધ કરવાનો રોડમેપ છે, જેમાં ઉત્તર ગુજરાતની પણ મહત્ત્વની ભૂમિકા રહેવાની છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, આ માસ્ટર પ્લાન થકી ઉત્તર ગુજરાતમાં સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનશે, નવા રોકાણકારો આવશે અને લોકોનું જીવન ધોરણ પણ સુધરશે. એટલું જ નહીં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારત બનાવવાનું જે સ્વપ્ન જોયું છે, એમાં આ માસ્ટર પ્લાન ખુબ ઉપયોગી સાબિત થશે.

ય્ઁના એક્ઝિક્યુટિવ કમિટી ચેરમેન તેમજ સીઈઓ શ્રીમતી એસ. અપર્ણાએ કહ્યું કે, ગુજરાતના ઐતિહાસિક અને આર્થિક દ્રષ્ટિકોણથી મહત્ત્વના છ મુખ્ય આર્થિક પ્રદેશો માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયા છે. આ પ્રદેશોમાં ઉત્તર ગુજરાત, કચ્છ, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, કોસ્ટલ સૌરાષ્ટ્ર અને સુરતનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પ્રથમ દિવસે રાજ્યના છ મુખ્ય આર્થિક પ્રદેશો માટે તૈયાર કરાયેલા પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન (રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન) નું અનાવરણ કરવામાં આવ્યું હતુ.

ઉત્તર ગુજરાતના આર્થિક વિકાસ માટે તૈયાર કરવામાં આવેલા માસ્ટર પ્લાન્ટ અંગે વાત કરતા તેમણે કહ્યું કે, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, ગુજરાતને આવરી લઈને તૈયાર કરવામાં આવેલો આ માસ્ટર પ્લાનમાં અંદાજિત રૂપિયા ૨૩ થી ૨૪ લાખ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવશે. આ રોકાણમાં રૂપિયા સવા પાંચ લાખ કરોડનું રાજ્ય સરકાર તરફથી મૂડીરોકાણ કરવામાં આવશે, જ્યારે અન્ય મૂડીરોકાણ ખાનગી કંપનીઓ, સંસ્થાઓ તેમજ ઈન્ડસ્ટ્રીયલમાંથી લાવવામાં આવશે. ઉત્તર ગુજરાતમાં આ પ્લાન થકી ૧૨ મિલિયન નવી રોજગારીની તકો પણ ઊભી થશે.

આમ, આ પ્લાન થકી ઉત્તર ગુજરાતના આર્થિક પ્રગતિને વેગ મળશે. આ ઉપરાંત મૂડી રોકાણ માટેના અનેક અવસરો પ્રાપ્ત થશે, રોજગારીની તકો ઊભી થશે અને ક્વોલિટી લાઈફ પણ સુધરશે એમ તેમણે જણાવ્યું હતું. આ અવસરે નીતિ આયોગના પ્રિન્સિપલ ઈકોનોમી એડવાઈઝર શ્રીમતી અન્ના રોયે ઉત્તર ગુજરાતના આર્થિક વિકાસને લઈને તૈયાર કરવામાં આવેલા માસ્ટર પ્લાનની સહારાના કરી હતી તેમજ રાજ્ય સરકાર તેમજ ય્ઁના કાર્યોની પ્રશંસા કરીને અભિનંદન પણ પાઠવ્યા હતા. આ પ્રસંગે સેક્રેટરી પ્લાનિંગ શ્રીમતી આગ્રા અગ્રવાલ તેમજ ય્ઁના શ્રીમતી શ્રુતિ ચરણ, ઉદ્યોગપતિઓ તેમજ રોકાણકારો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આર્થિક વૃદ્ધિનો લાભ યુવાનોને મળે તે સુનિશ્ચિત કરવા માટે, દરેક પ્રદેશમાં ઉદ્યોગના સહયોગથી રિજનલ સ્કિલિંગ સેન્ટર્સ અને સેન્ટર્સ ઓફ એક્સેલન્સ (ગ્રીન સ્કિલ્સ, બ્લુ ઈકોનોમી, લોજિસ્ટિક્સ, છૈં એ-કેડેમી વગેરે) સ્થાપિત કરાશે. આ યોજનાઓ અને આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા રાજ્યના યુવાનો માટે અંદાજિત ૨૮૦ લાખ નવા રોજગારીના અવસરો ઉપલબ્ધ થશે. આમ, આ પ્રાદેશિક માસ્ટર પ્લાન્સ દરેક ક્ષેત્રની સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓને અનુરૂપ, ફ્યુચરિસ્ટિક સેક્ટરને લક્ષ્ય બનાવશે.

---

**માનવી ધીરે ધીરે સત્યથી વિમુખ થતો જાય છે આપણે ત્યાં સત્યને જ ઈશ્વર કહેવાયો છે**

# સત્યનાં ચાર અંગ, ઉચ્ચાર, વિચાર, આચાર અને મૌન, જેનાથી સત્ય રૂપી ઈશ્વર સુધી પહોંચાય!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વાણીના સત્યને સાબિત કરવા આપણે ત્યાં તટસ્થ, મધ્યસ્થ, અને સત્યસ્થ એવાં શબ્દ પ્રયોગ પણ પ્રચલિત છે. પણ શું સત્ય ને માત્ર વાણી સુધી સિમિત રાખી શકાય? વાણીથી સાચું જ બોલવું જોઈએ, વ્યક્તિગત વાતમા પણ આપણાં ગુણ દોષ સ્વીકારી લેવા જોઈએ.**



આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમય સંજોગ અને સંબંધનાં ત્રણ ખૂણા વાળા અસાર સંસારને કંસાર જેવો ગળ્યો કેમ બનાવવો? એનો પંથ તો સદગુરુ જ ચીંધી શકે! પણ કાળ ગણના પ્રમાણે સાચાં સાધુ સંત પણ કેમ પારખવા ! સિદ્ધીની ચકાચૌંધમાં શુદ્ધિ કેમ દેખાય? યોગ્ય નિદાન ન થવાથી જેમ રોગ વકરે, એમ આમ આ ત્રણેય ખૂણાનું સંતુલન બગડેલું હોવાથી આજનો સમાજ અશાંત છે, અથવા તો ગમે તેટલું સુખ મળે સંતોષ નથી, સદા બેચેન છે. એનું બીજું કારણ એ છે, કે માનવીનાં ચરણ થંભી ગયા છે, એટલે કે શ્રમ ઘટી ગયો છે, પણ મન સતત દોડે છે! બોલવા માટે, ગમે તે સારું સારું બોલશે! પણ આચરણ શૂન્ય અને સત્યાચરણ તો સાવ ભૂલી જ ગયો છે! માનવી ધીરે ધીરે સત્યથી વિમુખ થતો જાય છે, આપણે ત્યાં સત્યને જ ઈશ્વર કહેવાયો છે. જેમ કે રામ નામ સત્ય હૈ! અથવા સત્યમ શિવમ સુંદરમ! તો આ કહેવાતું સત્ય શું છે?કે જે ખુદ ઈશ્વરની અનૂભૂતિ કરાવે! કારણ કે આપણે સત્ય નિષ્ઠ હોવાનો દાવો તો કરીએ છીએ, છતાં પણ ઈશ્વર મળી ગયો હોય, કે એનો સાક્ષાત્કાર થયો હોય, કે પછી એનું સાનિધ્ય માણ્યું હોય, એવી કોઈ અનૂભૂતિ આપણે બતાવી શકતા નથી! અને એ પણ એટલું જ સત્ય છે! તો આખરે સત્યને કંઈ રીતે વર્ણવી શકાય! કે અનુસરી શકાય!: હમણાં ચોમાસાની ઋતુ અનુસાર ઘરના વડીલોની તબિયત સારી નરસી રહે! અને સ્વાભાવિક એક ધારો સમય ન મળે! પણ જેટલું થાય એટલું કથાનું શ્રવણ કરું, જેથી મન કાબૂમાં રહે! એકવાર કથામાં પૂજ્ય બાપુએ સત્યનાં ચાર અંગ કહ્યાં, (૧)ઉચ્ચાર, (૨)વિચાર, (૩)આચાર, અને (૪)મૌન, જેને અનુસરીને સત્ય રુપી ઈશ્વર સુધી પહોંચી શકાય છે, એમણે તો ચાર અંગ કહી છોડી દીધું, પણ આપણે એને વિશે આજે ચિંતન મનન કરીશું.

ઉચ્ચાર** ઉચ્ચાર એટલે કે વાણી! અને સાંપ્રત સમયનો સમાજ સત્ય એટલે માત્ર વાણીથી બોલાયેલું જે હોય! ત્યાં જ અટકી જાય છે. એટલે કે એણે આમ કહ્યું હતું! અને આમ નહોતું કહ્યું! આ તેનું નિવેદન હતું! હવે તે ફરી જાય છે! એ બોલ્યો જ હશે!: કારણ કે એની ફિતરત જ એવી છે. કે પછી એણે આમ કર્યું હતું! હવે ફરી જાય છે! હું એનો સાક્ષી છું! વાણીના સત્યને સાબિત કરવા આપણે ત્યાં તટસ્થ, મધ્યસ્થ, અને સત્યસ્થ એવાં શબ્દ પ્રયોગ પણ પ્રચલિત છે. પણ શું સત્ય ને માત્ર વાણી સુધી સિમિત રાખી શકાય? વાણીથી સાચું જ બોલવું જોઈએ, વ્યક્તિગત વાતમા પણ આપણાં ગુણ દોષ સ્વીકારી લેવા જોઈએ. કે પછી કોઈ પૂછે કે આમ કોણે કર્યું ? તો આપણે કર્યું હોય તો આપણે કબૂલી લેવું જોઈએ! અથવા આપણે જાણતા હોઈએ તો એનું નામ પણ દેવું જોઈએ! પણ ચૂકી જવાય છે, ક્યાંક આપણે સમાજની નજરમાં નીચા થઈ જશું! તો ક્યાંક એમાં મારે શું કામ પડવું! એવું વિચારીને સાક્ષી હોવા છતાં એને ટાળીએ છીએ! કે પછી થોડો ડર પણ લાગે છે! જેમ કે કોઈની હત્યા થઈ, આપણે તે જોયું! પણ કોર્ટમાં સાક્ષી બનવા જતા નથી! રસ્તા પર એક્સિડન્ટ થયો સ્કૂટરવાળાને ગાડીની સ્પીડને કારણે ટલ્લો લાગ્યો, આપણે જાણીએ છીએ કે ગાડીનો દોષ હતો, છતાં સાક્ષી બનતા નથી! આસપાસના ઘરમાં કે પછી પોતાના ઘરમાં જાતીય હિંસા કે અન્ય કોઈ ગુના સંબંધીત કાર્ય કરી રહ્યું છે, છતાં આપણે એને અણદેખ્યું કરીએ છીએ! આવા તો નાના-મોટા કેટલાએ કારણો મળે, જેમાં આપણે સારી રીતે વાણીનું સત્ય પણ નિભાવી શકતાં નથી. સત્ય રૂપે ઈશ્વરને અનુભવો હોય તો ઉચ્ચારના સત્યને તટસ્થતાથી, તન અને મનની વચ્ચે મધ્યસ્થ રહી, તેમજ તેના ઉચ્ચારમાં સૌનું શુભ કે હિત સમાયેલું છે એમ સત્યને ત્રિપરિમાણીય સ્તરે મૂલવવુ જોઈએ.

વિચાર** સીધા સાદા શબ્દોમાં વિચારની વ્યાખ્યા કરીએ તો બુદ્ધિ પ્રેરક મનની ગતિ! વાણીથી આપણે ગમે તેટલા સત્યનિષ્ઠ હોઈએ, પણ વિચારમાં સદા સત્યને કેન્દ્રસ્થ રાખીને જીવવું એ જીવનની માત્રા વધારનાર છે, અને આપણે હાથીની જેમ દેખાડવાના દાંત જુદા અને ચાવવાના જુદા એવો ઘાટ હોવાથી, સત્યને પામી શકતા નથી. કારણ કે વિચાર એ ગતિશીલ છે, આપણે ત્યાં બોલવા પહેલા સો વાર વિચારવું એવું એક સૂત્ર આવ્યું છે! પણ આજનો સમાજ તડાંફડમાં માને છે! એટલે જે હોય તે તરત જ રિયેક્શન આપે છે! અને પોતાને હાજર જવાબી માં ખપાવે છે, કે પછી હું તો કોઈની સાડીબાર કરું નહીં, આમ અહંકાર વધારે છે કે કોઈવાર પસ્તાય પણ છે. મનની ચંચળતાને કારણે વિચારોની ગતિશીલતા વધુ કે ઓછી હોય છે, એટલે કે કોઈનું મન શાંત અને સંતોષી હોય તો એના વિચારો પ્રમાણમાં શાંત હોય, અને એની સાથે સંગતિ કરવી સરળ પડે છે, પણ જો મન અતિ ચંચળ છે, અથવા તો અશાંત છે, તો પછી વિચારોનો ઉપદ્રવ એટલો વધી જાય, કે એની સાથે સંગતિ સાધી શકાતી નથી, અને એ રીતે સત્ય છૂટી જાય છે. દાખલા તરીકે આપણે સત્ય નિષ્ઠ હોઈએ તો આપણાં વિચારો આવાં હોવા જોઈએ! કે હું માનવ તરીકે જન્મ્યો છું, તો માનવતા એ જ મારો પરમ ધર્મ છે!: સૌને મદદ કરવી એ મારું કર્તવ્ય છે, મારાથી ઓછી આવક ધરાવતાં પરિવારને સમસ્યા સમયે શારીરિક, માનસિક અને આર્થિક ટેકો આપવો જોઈએ!: બીજું કંઈ ન થાય તો કોઈની ઈર્ષા કરવી, નિંદા કરવી, ઉપેક્ષા કરવી, ઉતારી પાડવા, કે પછી અન્ય કોઈ રીતે હેરાન પરેશાન કરવા! એવું તો નહીં જ કરું! મારી આસપાસ રહેતાં તમામનો હું આદર કરીશ! તથા કોઈની પ્રગતિમા અવરોધ નહીં બનું. મારુ પોષણ કરનારી આ પ્રકૃતિનું જતન કરીશ!: અને એના સંવર્ધન માટે મારાથી બનતા તમામ પ્રયાસ કરીશ. વિચારવાની દ્રષ્ટિએ આપણા સૌના વિચારો આવાં જ છે, પણ એમા સમયાન્તરે કંઈક દૂષણ આવે છે, ક્યાંક ચૂકી જવાય છે! અને એ જ કારણ છે કે આપણે સત્યને અનુભવી શકતાં નથી.

પણ કાળ એટલે કે સમયની ગતિ પણ બહુ ન્યારી છે! જે ઉચ્ચાર, વિચાર, આચાર, અને મૌનને ભગવાન શ્રી રામ અનુસર્યા હતાં! એ જ રીતે ભગવાન શ્રી કૃષ્ણ અનુસર્યા નથી! એમણે સર્વ જન હિતાય માટે ક્યારેક ક્યારેક ઉચ્ચારનાં સત્યમાં ભ્રમણા પેદા કરી છે! અને વિચારો પણ કાળ પ્રમાણે ક્રાંતિકારક ખરાં! જે સત્યની જૂની પરિભાષા મુજબ ન પણ હોય! ગીતામાં છૂટ પણ આપી છે, કે આતતાયી ને મારવા એ હિંસા નથી! ઉલટું સમાજ સેવા છે, અને આ રીતે પણ કોઈનું હિત થતું હોય, તો આપણાં એ વચન કે કર્મ ખોટાં નથી! એનાથી કર્મ બંધનની જાળમાં આપણે ફસાતા નથી! પણ આપણા દ્વારા કોઈની નીંદા, ઈર્ષા, ફરેબ, કપટ, દંભ, દેખાદેખી, વેરઝેર વગેરેનાં વિચારો આપણને ખોટું કરવા પ્રેરે છે, આપણે જાણવા છતાં એ વિચારોને રોકી શકતાં નથી! કારણ કે આપણું આચરણ વ્યવહાર મય હોય છે. દિન પ્રતિ દિન સમાજ વધુ ને વધુ ઉગ્ર થતો જાય છે! કારણ જાણે ગમે તે હોય! તો ઉચ્ચાર ના કે વિચાર ના કોઈ પણ એક સત્ય કથિત વિધાન ને પકડી એ મુજબ નિષ્ઠાથી જીવવામાં આવે તો અવશ્ય પરિણામ મળે છે, અને આપણે સૌ આ રીતે સત્યનું વિશ્લેષણ કરી એને પ્રતિપાદિત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**ભરતજીનો ધર્મ હતો, પરંતુ એના રક્ષકપિતા છે એમ માનવા માંડ્યું તે સારું ન કર્યું**

# જ્ઞાન થયા પછી મન ન મરે વાસનાનો નાશ ન થાય તો તેની ભક્તિમાં કે ધ્યાનમાં સ્થિરતા આવતી નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વાણિયાએ બારવર્ષ સુધી માનસી સેવા કરેલી, તેથી કનૈયાને આજે પ્રકટ થવાની ઇચ્છા થઈ. કનૈયો પ્રગટ થયો અને વાણિયાનો હાથ પકડયો.ખાંડ વધારે પડીગઈ તો તારા બાપનું શું ગયું?ક્યાં એક પૈસાનો પણ ખર્ચ કર્યો છે? ભાગવત સ્પ ર્શ થયો અને પ છી વાણિયો ભગવાનનો સાચો અનન્ય ભક્ત બન્યો.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે આગળ જોઈએ તો એક વખત એક વાણિયો ગુસાંઈ પાસે ગયો. જઈને કહે,બાપ જી, સેવા કરવા હું ખુશ છું, પણ કાંઈ ખર્ચ કર્યા વગર દેવસેવા થાય તેવું મને બતાવો. ગુસાંઈજીએ તેમને માનસી સેવા બતાવી અને કહ્યું, તું માનસી સેવા કરજે એટલે એક પૈસાનો ખર્ચ થશે નહીં.ફક્ત મન થી બધું ધારવાનું. હું ભગવાનને સ્નાન કરાવું છું, વસ્ત્ર પહેરાવું છું, પૂજા કરું છું, ભોગ ધરાવું છું, ભગવાન આરોગે છે વગેરે મનથી ધારવાનું. વાણિયો ખુશ થઈ ગયો.

ગુસાઈજી કહે, સવારમાં એવી ભાવના કરવાની કે,ઠાકોરજી માટે હું યમુનાજીમાંથી જળ લઈ આવું છું. પછી યશોદાજી જેવી ભાવના રાખી બાળસ્વરૂપની સેવા કરવી. બાલ સેવામાંવાત્સલ્યભાવ મુખ્ય છે. સેવામાં ગાયનું દૂધ અને માખણ લાવવું. લાલાને મંગલ ગીત ગાઈને ઉઠાડવાનો.

યશોદાજી લાલાને મનાવતાં, લાલા આટલું માખણ ખાઈ જા. તારી ચોટલી દાઉજી કરતાં મોટી થઈ જશે. તારે પણ એમ જ કરવું.

ગરમ જળથી લાલાને માંગલિક સ્નાન કરાવવું. પછી ઠાકોરજીને શ્રૃંગાર કરવો. કનૈયાને પૂછવું, આજે કયું પિતાંબર પહેરાવું? કનૈયો કહે તે પિતાંબર પહેરાવવું. શ્રૃંગારમાં તન્મયતા થાય તો બ્રહ્માનંદ જેવો આનંદ મળે છે.

પછી કનૈયાને નૈવેદ્ય ધરવું. પછી ભાવના કરવી કે, લાલો આરોગે છે. તે પછી આરતી ઉતારવી, તે પછી ક્ષમા પ્રાર્થના કરવી. ગુસાંઈજીના કહેવા પ્રમાણે વાણિયો શ્રીકૃષ્ણના બાલસ્વરૂપ ની માનસી સેવા કરવા લાગ્યો. રોજ પ્રેમથી માનસી સેવા કરે છે. એવો તન્મય થયો છે કે, બધી વસ્તુઓ એને પ્રત્યક્ષ દેખાય છે. માનસી સેવામાં મનની ધારા તૂટવી જોઈએ નહીં. કોઈ લૌકિક વિચાર આવે તો સમજવું કે, માનસી સેવાનો ભંગ થયો. વાણિયાએ બાર વર્ષ માનસી સેવા કરી. એક દિવસ કટોરામાં દૂધ લઈ આવ્યો. દૂધમાં ખાંડનાંખી વાણિયાને લાગ્યું કે,લાલાના દૂધ માં આજે ખાંડ વધારે પડી ગઈ છે વાણિયાથી તે કેમ સહન થાય?સ્વભાવ કંજૂસ તે જાય ક્યાં?પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય છે. વાણિયાએ વિચાર્યું દૂધમાંથી વધારે ખાંડ કાઢી લઉં તો બીજા ઉપયોગમાં આવશે, ત્યાં કટોરો ન હતો. ત્યાં દૂધ ન હતું,ખાંડ ન હતી પણ માનસી સેવામાં એટલો તન્મય થયો હતો કે, બધું પ્રત્યક્ષ દેખાય છે.દૂધમાંથી વધારાની ખાંડ કાઢવા લાગ્યો.

વાણિયાએ બારવર્ષ સુધી માનસી સેવા કરેલી, તેથી કનૈયાને આજે પ્રકટ થવાની ઈચ્છા થઈ. કનૈયો પ્રગટ થયો અને વાણિયાનો હાથ પકડયો.ખાંડ વધારે પડીગઈ તો તારા બાપનું શું ગયું?ક્યાં એક પૈસાનો પણ ખર્ચ કર્યો છે? ભાગવત સ્પર્શ થયો અને પછી વાણિયો ભગવાનનો સાચો અનન્ય ભક્ત બન્યો.


કોઈપણ સત્કાર્ય બાર વર્ષ નિયમ પૂર્વક કરવામાં આવે,તો તેનું ફળ અવશ્ય મળે છે. શંકરાચાર્ય પણ શ્રીકૃષ્ણની માનસી સેવા કરતા. ભરતજી માનસી સેવા કરતાં તેમાં તન્મય થાય છે. સેવા કરતાં કરતાં કંટાળો આવે તો ધ્યાન કરે અને કીર્તન કરે. પ્રભુની પાછળ પડે એને માયા ત્રાસ આપે છે. પણ સંસારના વિષયોમાં ફસાયેલાને, માયાના પ્રવાહમાં પડેલાને માયા ત્રાસ આપતી નથી. માયા માને છે કે, આ તો મરેલો જ છે, એને શું મારવાનો?માયાની ગતિ વિચિત્ર છે.ભરતજી કેડપુર જળમાં ઊભા હતા.ઉનાળાની ઋતુ હતી.એક ગર્ભવતી હરણી પ્રાતઃકાળમાં જળપાન કરવા આવી છે. તેવામાં સિંહે ગર્જના કરી.સિંહની ગર્જના સાંભળી હરણી ગભરાઈ.તેણે જીવ બચાવવા ગંડકીનદી ઓળંગી સામે કિનારે જવા જોર થી કૂદકો માર્યો.પ્રસવકાળ સમીપ આવેલો.આઘાતથી બચ્ચાનેજન્મ થઈ ગયો.બચ્ચું નદીના જળમાં પડયું.હરણી સામે કિનારે પડી મૃત્યુ પામી. ભરતજીએ હરણબાળને નદીના જળમાં પડેલું જોયું. ભરતજીએ વિચાર્યું,આ હરણબાળની મા મરી ગઈ છે. તેનું હવે જગતમાં કોઈ નથી. લાલનપાલન, રક્ષણ વગેરે કોણ કરશે? દયાવશ થઈ તેઓ હરણબાળને આશ્રમમાં લઈ આવ્યા.ભરતજી માનવા લાગ્યા કે,આ હરણ મારા વગર કોઈને ઓળખતો નથી.તેનું પાલનપોષણ રક્ષણ કરવું એ મારો ધર્મ છે. આનો પિતા હું છું, મા પણ હું છું.

જીવ માને છે કે,હું બીજાનું રક્ષણ કરું છું. અરે ભાઈ, તું શું રક્ષણ કરવાનો હતો? તું યે કાળનું ભોજન છે.રક્ષણ કરનાર તો એક કર્તાહર્તા શ્રીહરિ છે. સંહાર તથા પાલન કરનાર શ્રીહરિ છે. તમે ઘરમાં હો કે વનમાં, રક્ષણ કરનાર એક શ્રીહરિ છે.ભાગવત માં જ એક ઠેકાણે કહ્યું છે કેઃપરમેશ્વરની કૃપા હોય તો જીવ અનાથ હોય કે વનમાં હો તો પણ જીવે છે, અને પરમેશ્વરે મારેલો જીવ ઘરમાં સુરક્ષિત રીતે હોય, તા પણ તે જીવતો રહેતો નથી, તે મરે છે.

હરણબાળને પાણીમાંથી બહાર કાઢ્યું છે. ભરતજીનો ધર્મ હતો, પરંતુ એના રક્ષકપિતા છે એમ માનવા માંડ્યું તે સારું ન કર્યું. જીવમાત્રનો રક્ષક પિતા એક માત્ર ઈશ્વર છે.ભરતજી હરણનું લાલન પાલન કરવા લાગ્યા.ધીરે ધીરે હરણ મોટો થાય છે.હરણને રમાડે અને ગોદમાં બેસાડે.આનું નામ તે પૂર્વ ચિત્તિ અપ્સરા. જૂના સંસ્કાર ભૂંસવા કઠણ છે. પૂર્વાવસ્થામાં છોકરાઓને ખૂબ રમાડેલાં, તેના સૂક્ષ્મ સંસ્કાર મનમાં છે. તેથી હરણ બાળકમાં મન ફસાયું. ભરતજીનું મન પ્રભુભજનમાં હવે સ્થિર થતું નથી. ધ્યાનમાં બે મિનિટ પસાર થાય કે હરણ દેખાય છે. વાસનાનો વિષય બદલ્યો પણ વાસના તો મનમાં રહી જ. આના કરતાં ઘર શું ખોટું હતું? જ્ઞાનીને પણ મનને મારવું પડે છે. ભરતજીએ હરણ ઘરમાં ભલે રાખ્યો, તેમાં કશું અયોગ્ય ન હતું,પણ મનમાં રાખ્યોતે અયોગ્ય હતું.જ્યાં જાવ ત્યાં સંસાર છે, પણ સંસારને મનમાં રાખશો નહીં મનમાં કામને રાખો કે રામને રાખો પણ બંનેને સાથે કદી રાખીશકાશે નહીં. તુલસીદાસજી કહે છે કે, સૂરજ અને રાત બે સાથે કેમ રહી શકે?બહારનો સંસાર ભજનમાં વિક્ષેપ કરતો નથી. અંદરનો સંસાર ભક્તિમાં વિઘ્ન કરે છે. હરણ ઝૂંપડીમાં નહીં પણ ભરતજીના મનમાં આવીને બેઠો છે. ઘર છોડયું, રાજ્ય છોડ્યું, રાણી છોડી, છોકરાંઓ છોડયાં અને હરણમાં ફસાયા. સાધક જો અતિશય પરોપકારની ભાવના રાખવા જાય તો તે સાધનામાં વિઘ્નરૂપ થાય છે.પરોપકાર કરવો એ સર્વનો ધર્મ છે.પણ એવો પરોપકાર ન કરો કે, જેથી તમને પરમાત્માનું વિસ્મરણ થાય. સંસારમાં કપટ ન કરો,તેમ અતિ શય સરળ ન બનો.પરમાત્માનું ધ્યાન કદાચ ન કરો તો ચાલશે પણ જગતના સ્ત્રી-પુરુષનું કે જડ વસ્તુનું ધ્યાન ન કરો. જે મિત્ર નથી તે શત્રુ બનતો નથી, પણ જે મિત્ર છે તે જ એક દિવસ શત્રુ બને છે. ભરતજીનું પ્રારબ્ધ હરણ બાળ રૂપ આવેલું. પ્રારબ્ધ ભોગવ્યા વગર છૂટકો નથી.જ્ઞાન થયા પછી વાસનાનો નાશ ન થાય તો જ્ઞાન દૃઢ થતું નથી.મન વાસનામાં ફસા યેલું છે.ભરતજી મહાન જ્ઞાની છે, પરંતુ જ્ઞાન થયા પછી મન ન મરે વાસનાનો નાશ ન થાય તો તેની ભક્તિમાં કે ધ્યાનમાં સ્થિરતા આવતી નથી.અનેક વખત વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે. વૈરાગ્ય વગર જે ઘર છોડે તે વનમાં પણ સંસાર ઊભો કરે છે. જ્ઞાનીના બે ભેદો છેઃ જેણે ખૂબ ઉપાસના કરી છે તે કૃતોપાસ્તિ જ્ઞાની છે. તેને માયા સતાવતી નથી.પણ અકૃતોપાસ્તિ જ્ઞાની છે તેને માયા વિઘ્ન કરે છે. વાસના નાશ વગર તત્ત્વાનુભવ થતો નથી. તત્ત્વજ્ઞાન થયા પછી વાસનાનો નાશ કર્યા વગર બ્રહ્મ નિષ્ઠા થતી નથી.ભરતજીને અપરોક્ષ સાક્ષાત્કાર હજુ થતોનથી.તે થયો હોત તો હરણમાં મન ફસાય નહીં આ પ્રમાણે ભરતજી હરણના લાલનપાલનમાં વ્યસ્ત રહેવા લાગ્યા અને તેમનાં સંધ્યા પૂજા વગેરે નિત્ય કર્મો છૂટવા લાગ્યાં. ભરતજી હરણને કૂમળું કૂમળું ઘાસ ખવડાવે.હરણ કૂદકો મારે, મુનિનું અંગ ચાટે ત્યારે ભરતજી વિચારે છે કે, કેવો સુંદર છે! કેવો ડાહ્યો છે!આમ આસક્તિ વધતી ચાલી.એક દિવસ હરણજંગલમાં રમવા ચાલી ગયું. રાત પડી પણ પરત ન આવ્યું.મુનિ ચિંતા કરવા લાગ્યા,મારા હરણને શું થયું હશે?

# ડોન 3 માં શાહરૂખ અને પ્રિયંકા ના સરપ્રાઈઝ કેમિયોની શક્યતા

## ફરહાન અખ્તર સાથે મુલાકાત બાદ શાહરૂખે કેમિયો માટે તૈયારી દર્શાવી



શાહરૂખ ખાન માટે લાંબો સમય રાહ જોયા પછી ફરહાન અખ્તરે આખરે 'ડોન ૩'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ ફિલ્મમાં રણવીર સિંહનો લીડ રોલ છે, પરંતુ ફરહાનને શાહરૂખ વગર આ ફિલ્મ અધૂરી લાગી રહી છે. જેથી ફરહાને સરપ્રાઈઝ કેમિયો માટે શાહરૂખને રાજી કરી લીધો હોવાનું કહેવાય છે. ફિલ્મમાં આકર્ષણ વધારવા માટે શાહરૂખ ઉપરાંત પ્રિયંકા ચોપરાને પણ સ્પેશિયલ રોલ ઓફર થયો હોવાની ચર્ચા છે. 'ડોન ૩'માં શાહરૂખની જગ્યાએ રણવીર સિંહની પસંદગી થઈ છે, પરંતુ ઓડિયન્સને સરપ્રાઈઝ આપવા ડાયરેક્ટર ફરહાન અખ્તરને શાહરૂખની જરૂર છે. શાહરૂખને સાંકળવા માટે ફિલ્મમાં ડ્રામેટિક ટવિસ્ટ લાવવાનો વિચાર થયો છે. શાહરૂખ ખાનના 'ડોન' કેરેક્ટરને ધ્યાનમાં રાખીને ફિલ્મની સ્ટોરીમાં પણ ટ્વિસ્ટ લવાયો છે. શાહરૂખના રોલ અંગે કોઈ જાણકારી બહાર આવી નથી. જો કે સરપ્રાઈઝ કેમિયોની ઓફર સાથે ફરહાને શાહરૂખ સાથે મુલાકાત કરી હોવાનું કહેવાય છે. શાહરૂખ હાલ તો 'કિંગ'ના શૂટિંગમાં બિઝી છે, પરંતુ ફરહાન સાથેના ગાઢ સંબંધોને ધ્યાને રાખી શાહરૂખે ઓફર સ્વીકારી હોવાનું કહેવાય છે. કેટલાક લોકોનું માનવું છે કે, રોમાના રોલમાં પ્રિયંકા ચોપરા પણ આવી શકે છે. 'ડોન ૩'માં શાહરૂખની જેમ પ્રિયંકાને પણ કેમિયો ઓફર થયો છે. પ્રિયંકા તરફથી આવેલા જવાબ અંગે કોઈ માહિતી મળી શકી નથી.

**'ડોન ૩'માં શાહરૂખની જગ્યાએ રણવીર સિંહની પસંદગી થઈ છે, પરંતુ ઓડિયન્સને સરપ્રાઈઝ આપવા ડાયરેક્ટર ફરહાન અખ્તરને શાહરૂખની જરૂર છે**

## સિરીયલમાં નેહાના પાત્રની એન્ટ્રીના પ્રોમો આવવાના

# તારક મહેતા છોડ્યાનાં પાંચ વર્ષ બાદ નેહા મહેતાનું ટીવીમાં કમબેક




'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' જેવો અતિલોકપ્રિય શો છોડ્યા પછી પાંચ વર્ષના લાંબા વિરામ બાદ ફરી એક વખત નેહા એસકે મહેતા, એટલે કે સિરીયલના તારક મહેતાની પત્ની અંજલી તારક મહેતા હવે 'ઈત્તી સી ખુશી' સિરીયલથી ટીવીમાં કમબૅક કરી રહી છે. આ સિરીયલમાં તે હેત્તલ કાઠિયાવાડીના રોલમાં જોવા મળશે, જેનું એક એવું જીવંત વ્યક્તિત્વ છે કે, તે પડદા પર રંગત લાવી દેશે. આ સિરીયલમાં નેહાના પાત્રની એન્ટ્રીના પ્રોમો આવવાના શરૂ થયા છે અને તે જોઈને એવું લાગે છે કે તેના આવવાથી શોમાં નવી તાજગી અને નવો ડ્રામા જોવા મળશે. આ પાત્ર વિશે વાત કરતા નેહા મહેતાએ જણાવ્યું, "એ બહુ વાતોડી, દેખાડો કરવાની આદતવાળી, પોતાનામાં જ મશગૂલ, હંમેશા લોકોનું ધ્યાન ખેંચવાના પ્રયત્નો કરતી અને પોતાની ફેશન અને સ્ટાઈલનો પ્રભાવ પાડવા મથતી મહિલા છે. તેના હંમેશા અમીર હોવાની છાપ જાળવી રાખવાના પ્રયત્નોને કારણે તે શોમાં ધમાલ અને રમુજ લઈને આવશે."ટીવી પર પાછા આવવાના નિર્ણય અંગે નેહા મહેતાએ જણાવ્યું, "મેં વિવિધ કારણોસર આ રોલ સ્વીકાર્યો છે. મેં જે ચેનલ પર પહેલાં કામ કર્યુ છે, ત્યાં પછી ફરીશ, આ પાત્ર ઘણું રસપ્રદ છે. તેનાથી મને લોકોને કશુંક કહેવાની તક મળશે અને અને લોકોને આ માધ્યમથી હું કશુંક શીખવી શકીશ. હું એ જોવા આતુરક છું કે લોકો તેને કેવો પ્રતિસાદ આપે છે."

# પ્રિયંકા, મહેશબાબુની ફિલ્મને વારાણસી ટાઈટલ અપાયું

પ્રિયંકા ચોપરા અને મહેશબાબુની આગામી ફિલ્મને 'વારાણસી' ટાઈટલ અપાયાનું કહેવાય છે. અત્યાર સુધી આ ફિલ્મને 'એસએસએમબી ૨૯ ' એવું વર્કિંગ ટાઈટલ અપાયું હતું. એક તબક્કે આ ફિલ્મ માટે 'જેન૬૩' ટાઈટલ પણ વિચારાયું હતું. એસ એસ રાજામૌલી દ્વારા બનાવાઈ રહેલી આ ફિલ્મમાં વારાણસીનું બેકગ્રાઉન્ડ હોવાથી આ ટાઈટલ અપાયું છે. શૂટિંગ માટે હૈદરાબાદમાં જ વારાણસી શહેરનો ભવ્ય સેટ રચવામાં આવ્યો છે. પ્રિયંકા અને મહેશબાબુ પર બે ડાન્સ સોંગ પણ ફિલ્માવાશે. થોડા સમય પહેલાં મહેશબાબુ તથા પ્રિયંકા ફિલ્મનાં શૂટિંગ માટે આફ્રિકા પહોંચ્યાં હતાં.તેણીને ઘર ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.તેમણે વધુમાં કહ્યું કે 'એવું લાગતું હતું કે લાશ ઘણા દિવસો જૂની હતી. શરૂઆતની તપાસ દરમિયાન, મૃત્યુનું કારણ જાણી શકાયું ન હતું. "શરીરને કાનૂની કાર્યવાહી માટે જિન્ના પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ સેન્ટરમાં મોકલવામાં આવ્યો છે." પોલીસ સર્જન ડૉ. સુમૈયા સૈયદ કહે છે કે 'શરીર લગભગ વિઘટનના અદ્યતન તબક્કામાં હતું. હાલમાં, તેની તપાસ ચાલી રહી છે.પોલીસ તેના ફોનની મદદથી અભિનેત્રીના પરિવાર, સંબંધીઓ અને મિત્રોને શોધવાનો પ્રયાસ કરી રહી છે.હુમૈરા અસગર અલીના કામ વિશે વાત કરીએ તો, તે એઆરવાય ના રિયાલિટી શો 'તમાશા ઘર'માં જોવા મળી હતી.

## ૫ ડિસેમ્બરે ફિલ્મ રિલીઝ થશે

# રણવીરે 'ધુરંધર'નું શૂટિંગ પૂરું કર્યું, ૧૨ ઓક્ટોબરે અક્ષય ખન્ના ફિલ્મ પૂરી કરશે



જ્યારથી 'ધુરંધર'ની સ્ટાર કાસ્ટના ફોટો સોશિયલ મીડિયા પર જાહેર થયા ત્યારથી જ આ ફિલ્મ અંગે ચર્ચા અને ઉત્સુકતા છે. ત્યાર બાદ જ્યારે રણવીર સિંહના પાત્રની સાથે અન્ય પાત્રોની ઝલક આપતું ૨ મિનિટ અને ૩૯ સેકન્ડનું ટીઝર લૉંચ કરવામાં આવ્યું, ત્યારથી આ ફિલ્મ વિશે ઘણો ઉત્સાહ અને ચર્ચા છે. રણવીરસિંહના બોલ્ડ અને એનર્જેટિક અવતારથી લઈને સંજય દત્તની ઈન્ટેન્સ સ્ટાઈલની ચર્ચાઓ રહી છે. આ ફિલ્મની રિલીઝની ઘણી રાહ જોવાઈ રહી છે. હવે એવા અહેવાલો છે કે, રણવીરે ફિલ્મનું શૂટિંગ પૂરું કરી દીધું છે અને ૧૨ ઓક્ટબરે અક્ષય ખન્ના આ ફિલ્મનું અંતિમ શૂટિંગ કરશે અને ફિલ્મ પુરી થશે. મેકર્સ ૫ ડિસેમ્બરે ફિલ્મ રલીઝ કરવાની તૈયારીઓ પૂર જોશમાં કરી રહ્યા છે.ફિલ્મ સાથે સંકળાયેલા એક સુત્રના જણાવ્યા અનુસાર, "આ ફિલ્મમાં રણવીર સિંહ ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અવતારમાં જોવા મળશે. તેણે પણ આ રોલ માટે પોતાની જાત પર ઘણી મહેનત કરી છે, જેમાં એક અંધારી અને લાલચભરી દુનિયામાં ગુનાઓની દુનિયામાં ફિલ્મની સ્ટોરી આકાર લે છે. રણવીરે પોતાનું શૂટિંગ પૂરું કરી નાખ્યું છે અને જ્યારે અક્ષય ખન્ના તેનો ભાગ ૧૨ ઓક્ટોબર સુધીમાં પુરો કરશે. ધુરંધરનું કામ યોગ્ય ગતિએ ચાલે છે અને ૫ ડિસેમ્બરે ફિલ્મ રિલીઝ થશે. દિવાળી પર આ ફિલ્મનું માર્કેટિંગ શરૂ થશે. ટીમ પાસે એક વિસ્તૃત પ્રમોશન પ્લાન છે, જેનો તેઓ દિવાળીના તહેવારના દિવસોમાં લાભ લઈ શકે. ફિલ્મનાં નવા પોસ્ટર, ગીત અને ટીઝર એક પછી એક જાહેર થશે."આ પહેલાં રણવીરની રોકી ઔર રાની કી પ્રેમ કહાની આવી હતી, તેનાં કરતાં આ ફિલ્મમાં તેનો રોલ બિલકુલ અલગ છે, તેથી તેના ફૅન્સ પણ આ ફિલ્મ બાબતે ઘણા ઉત્સાહમાં છે. આ ફિલ્મથી ભારતીય જાસુસી સંસ્થા રોને એક અંજલિ આપવાની કોશિશ કરવામાં આવશે, આ ફિલ્મ એવા અધિકારીઓને સમર્પિત છે, જેઓ ક્યારેય લોકોની નજરમાં હિરો તરીકે દેખાતા નથી. આ ફિલ્મ આદિત્ય ધર દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલી એક ઈન્ટેલિજન્સના ઓપરેશન પરની એક્શન ફિલ્મ છે, જેમાં અક્ષય ખન્ના, સંજય દત્ત, આર.માધવન, અર્જૂન રામપાલ, સારા અર્જૂન અને રાકેશ બેદી પણ મહત્વના રોલમાં છે.

**આ ફિલ્મ આદિત્ય ધર દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલી એક ઇન્ટેલિજન્સના ઓપરેશન પરની એક્શન ફિલ્મ છે**


## આ ફિલ્મો વિશાળ ઓડિયન્સ માટેની છે : આયુષ્માન

# આયુષ્યમાનને સૂરજ બરજાત્યા અને ધર્મા પ્રોડક્શન્સની ફિલ્મ મળી



આયુષ્યમાન રાજશ્રી પ્રોડક્શન્સનો નવો પ્રેમ બનશે, એ અંગે અહેવાલો ઘણા સમયથી આવતા હતા. ત્યારે મુંબઈ ખાતે યોજાયેલા ફિક્કી ળેમ્સના એક કાર્યક્રમમાં આયુષ્યમાન ખુરાના મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યો હતો. જ્યાં તેણે એક ચર્ચામાં પોતાની આવનારી ફિલ્મો વિશે વાત કરી હતી. તેને આ ચર્ચામાં હાઈબ્રિડ ફિલ્મ્સ વિશે એક પ્રશ્ન પૂછાયો હતો. જેના જવાબમાં તેણે કહ્યું, જે ફિલ્મ મુખ્ય પ્રવાહની હોય, સાથે જ રૂઢિઓ સામે પ્રશ્ન ઉઠાવે, તેને પડકારે એ હાઈબ્રિડ ફિલ્મ કહીશ.આયુષ્યમાને કહ્યું, "મેં તો પહેલા દિવસથી જ હાઈબ્રિડ ફિલ્મ જ કરી છે. પછી તે વિકી ડોનર હોય, દમ લગા કે હૈશા હોય કે પછી શુભ મંગલની સિરીઝ. આ ફિલ્મમાં જોખમનું પ્રમાણ મારી દૃષ્ટિએ ઘણું ઓછું છે. કારણ કે, આ બધી ફિલ્મ બહુ મોંઘી પણ નથી. એ બધી ઓછા બજેટની, મધ્યમ બજેટની કે પછી વધુ મોટા કન્ટેન્ટ સાથે બની હોય છે. તો એટલું જોખમ તો લઈ જ શકીએ. સાથે જ હું તો શેરીનાટકોની દુનિયામાંથી આવું છું, તેથી મને આ કામમાં મજા આવે છે, ચંદીગઢમાં શેરી નાટકો કરતા ત્યારે અમે મનોરંજન અને સામાજિક મુદ્દાઓને સાથે લાવતા હતા. તો મને આ મારા થિએટરના કામનું જ એક વિસ્તરેલું સ્વરુપ લાગે છે."આગળ આયુષ્યમાને કહ્યું, "સંદેશ કરતાં મનોરંજન હંમેશા વધારે પ્રમાણમાં હોવું જોઈએ, ઓડિયન્સ બાળક જેવું હોય છે. એમને દવાની ગળી ગોળી આપવી પડે છે. દવા કડવી લાગે તો મજા નહીં આવે. મનોરંજન સાથે સહજ સંદેશ મહત્વનો છે."પેન્ડેમિક પહેલા અને પછીના સિનેમા વચ્ચેના ફરક અંગે આયુષ્યમાને કહ્યું, "આપણે લગભગ અડધા દાયકાથી આ મુદ્દે વાતો કરી રહ્યા છીએ. મને લાગે છે કે સારી સ્ક્રિપ્ટ એ સારી સ્ક્રીપ્ટ જ હોય છે. ત્યારે જ મારી પસંદગીઓ પેન્ડેમિક પછી થોડી હળવી થઈ છે, પહેલાં એ ટેબુ જેવી હતી. હું અલગ ફિલ્મ તો કરું જ છું પણ માત્ર ટેબુ આધારીત નહીં. તે વધુ લોકોને આકર્ષતી, વધુ લોકોને સ્પર્શતી અને વધુ કમર્શિયલ હોવી જોઈએ."આગળ આયુષ્યમાને કહ્યું, "દિવાળી પર મારી થમ્મા રિલીઝ થઈ રહી છે. તેના પછી હું સૂરજ બરજાત્યા સાથે ફિલ્મ કરીશ, એ પણ વિશાળ ઓડિયન્સ માટેની ફિલ્મ છે. તેના પછી હું એત ધર્મા પ્રોડક્શન્સની ફિલ્મ કરીશ, એ પણ વિશાળ ઓડિયન્સ માટેની ફિલ્મ હશે.

**સંદેશ કરતાં મનોરંજન હંમેશા વધારે પ્રમાણમાં હોવું જોઈએ, ઓડિયન્સ બાળક જેવું હોય છે : આયુષ્માન**



# રાજામૌલીની ફિલ્મમાં પ્રિયંકા ચોપરા અને મહેશબાબુ ડાન્સ નંબર કરતા દેખાશે

ફિલ્મ મેકર એસ.એસ.રાજામૌલી લાંબા સમયથી પ્રિયંકા ચોપરા અને મહેશ બાબુ સાથે મળીને એક જંગલ એડવેન્ચર ફિલ્મ બનાવી રહ્યા છે, તેઓ આ ફિલ્મ માટે કેન્યા સહિત આળિકાના દેશો અને ઓરિસ્સામાં શૂટ કરૂ ચૂક્યા છે. હવે તેઓ આ ફિલ્મ માટે એક ખાસ ગીત પણ બનાવી રહ્યા છે. સુત્રો દ્વારા એવી માહિતી મળી છે કે ગ્લોબલ સ્ટાર બની ચુકેલી પ્રિયંકા ચોપરા સાથે તેલુગુ સુપરસ્ટાર મહેશ બાબુ એક સાથે એક ડાન્સ નંબરમાં જોવા મળશે. રાજામૌલી, પ્રિયંકા અને મહેશ બાબુ વચ્ચે આ ગીત માટે ચર્ચાઓ ચાલી રહી છે. ફિલ્મની ટીમ તો આ ગીત અંગે ઘણી ઉત્સુક છે, પરંતુ ફિલ્મના અંદરના સુત્રો જણાવે છે કે હજુ આ નિર્ણય પર કામ ચાલી રહ્યું છે. ફિલ્મ સાથે જોડાયેલા એક સુત્રના જણાવ્યા અનુસાર, 'આ બાબત ક્રિએટિવ ડિસીઝન પર આધાર રાખે છે.' સુત્રએ આગળ જણાવ્યું, "રાજામૌલી ઈચ્છે છે કે ફિલ્મની દરેક બાબત ફિલ્મની સ્ટોરીમાં નિખાર લાવે એવી હોવી જોઈએ. પ્રિયંકા અને મહેશબાબુ સાથે વધુ શું થઈ શકે તે અંગે હજુ તેઓ વિચારી રહ્યા છે. તેથી જો ફિલ્મ સાથે બિલકુલ બંધ બેસતું ગીત થાય તો જ તેના પર કામ કરવામાં આવશે."રાજામૌલી અને તેમની ટીં લોકનૃત્ય, લોક સંગીત સાથે ફિલ્મની વાર્તા સાથે બંધ બેસે એવું અને છતાં ગ્લોબલ અપીલ કરી શકે એવું ગીત બનાવવા પર વિચાર કરી રહ્યા છે. જો તે સફળતાપૂર્વક બની શક્યું તો , તો એ પ્રિયંકા અને મહેશબાબુ સાથેનું આ પહેલું ઓનસ્ક્રીન ગીત હશે.સુત્રએ આગળ એમ પણ જણાવ્યું કે, "હજુ સુધી કઈ જ નક્કી થયું નથી. રાજામૌલી એક વાતે દૃઢ હોય છે કે, તમની ફિલ્મમાં કોઈ ગીત માત્ર મુકવા ખાતર કે જોવા ખાતર નથી મુકાતુ, તે સ્ટોરીને આગળ વધારતું હોવું જોઈએ. તેના વિચાર પર કામ થઈ રહ્યું છે, જો તે ફિલ્મની સર્જનાત્મકતા સાથે બંધ બેસી શકે, તો આપણને પ્રિયંકા અને મહેશબાબુ એક અલગ સ્ટાઈલમાં જોવા મળશે. જો આ ગીતને લીલી ઝંડી ળી તો, તે મોટા બજેટ સાથે બનાવવામાં આવશે. તેમાં સંસ્કૃતિ અને પાત્રોને ફિલ્મની ગતિ તોડ્યા વિના ઉજવવાનો ઈરાદો છે."

## ફિલ્મનું નામ 'તું મેરી ઝિંદગી હે' આપવામાં આવ્યું

# કાર્તિક અને શ્રીલીલાની ફિલ્મ આશિકીની યાદો તાજી કરાવશે



જ્યારથી અનુરાગ બાસુએ કાર્તિક આર્યન અને શ્રીલીલા સાથે ફિલ્મની જાહેરાત કરી ત્યારથી આ ફિલ્મ અંગે કોઈ પણ અપટેડની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. જોકે, આ ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ ગયું છે, પરંતુ હજુ સુધી આ ફિલ્મનું નામ જાહેર થયું નહોતું, તેના કારણે દર્શકોની ઉત્સુકતા વધી રહી છે.શરુઆતમાં એવી અફવા હતી કે આ ફિલ્મનું નામ 'આશિકી ૩' આપવામાં આવશે. પરંતુ અનુરાગ બાસુએ એક ઈન્ટરવ્યુમાં આ અંગે સ્પષ્ટતા કરી દીધી હતી, કે આ ફિલ્મ આષિકી ળેન્ચાઈઝીનો ભાગ નથી. હવે તાજેતરના અહેવાલો અનુસાર આ ફિલ્મનું નામ 'તું મેરી ઝિંદગી હે' આપવામાં આવ્યું છે. હવે આ અંગે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, કાર્તિક આર્યન અને શ્રીલીલાની આ ફિલ્મ મે ૨૦૨૬માં રિલીઝ થવાની છે. આ ફિલ્મનું નામ બલે આશિકી ન હોય પરંતુ ફિલ્મ આશિકીની યાદો જરૂર તાજી કરશે. સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "ટીમ એવું નામ રાખવા માગતી હતી, જે જુની યાદો તાજી કરી દે. પરંતુ તેઓ કોઈ વિવાદ કે કાનુની જટિલતાઓમાં પડવા માગતા નહોતા. તેથી તું મેરી ઝિંદગી હે યોગ્ય નામ લાગ્યું."સોશિયલ મીડિયા પર આ ફિલ્મના શૂટ પરથી કેટલાક વીડિયો અને ફોટો વાયરલ થઈ રહ્યા છે, તેના પરથી આ એક બિલકુલ લાગણીશીલ લવસ્ટોરી લાગી રહી છે, જેમાં સંગીતની ભૂમિકા ઘણી મહત્વની હશે. સિક્કિમ અને દાર્જિલિંગમાં શૂટ પૂરું કર્યા પછી હાલ ટીમ મુંબઈમાં કામ કરી રહી છે. ૨૦૨૫ના અંત સુધીમાં આ ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ જશે. ૨૦૨૬ની શરૂઆતમાં ફાઈનલ એડિટ કરવામાં આવશે. હજુ રિલીઝને છ મહિના જેટલો સમય છે.



### અમદાવાદમાં ફરી એકવાર હિંસાની ઘટનાઓ સામે આવી

# અમદાવાદ સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાં યુવકની હત્યા થઇ

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૦ ।

એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ કે જ્યાં અન્ય રાજ્યોમાંથી અનેક દર્દીઓ સારવાર લેવા આવતા હોય છે જેના કારણે રાત દિવસ સિવિલ હોસ્પિટલ ધમધમતી રહે છે ત્યારે બુધવારે રાત્રે કેટલાક યુવકોએ પોતાના જ મિત્રની પાર્કિંગમાં ઘાતકી હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી હતી.

આ ઘટનાથી સિવિલ હોસ્પિટલની સુરક્ષા ને લઈને પણ સવાલો ઉભા થયા હતા કારણ કે જ્યાં અનેક સિક્યુરિટી ગાર્ડ ખડકી દેવામાં આવે છે અને તે જ પાર્કિંગમાં સિક્યુરિટી ગાર્ડની હાજરી હોય ત્યાં જ આવી ઘાતકી હત્યા થતા સિવિલ હોસ્પિટલ ફરી ચર્ચાનો વિષય બની છે.

અસારવા સિવિલ હોસ્પિટલના પાર્કિંગ વિસ્તારમાં સુરેશ ભોઈ નામના યુવક સાથે તેના મિત્રો અવારનવાર સાથે આવતો હોય છે અને મોડી રાત સુધી હરતા ફરતા હોય છે પરંતુ નજીવી બાબતમાં હત્યાને અંજામ આપશે તે બાબત કોઈને ખ્યાલ ન હતી અને તેની ચાલીમાં આવવા જવા બાબતે માથાકૂટ થતા ત્રણ મિત્રોએ જ ભેગા મળીને સુરેશની સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાં હત્યા કરી નાખી હતી. સુરેશ જોડે ફરતા તેના મિત્રો પહેલેથી જ જોડે અવારનવાર ફરતા હતા તેવું તેના પરિવારજનો કહેવું છે અને પરિવારજનો હવે યોગ્ય ન્યાયની માંગ કરી રહ્યું છે.જોકે પોતાના વિસ્તારની ચાલીમાં ન આવવા માટે અનેક વખત સુરેશને મિત્રોએ ટકોર કરી હતી તેમ છતાં પણ તે ત્યાં જતો હતો જેના કારણે માથાકૂટ થઈ હતી અને તે બાદ તેને હોસ્પિટલના પાર્કિંગની બહાર જ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો ત્યારે સુરેશ હોસ્પિટલમાં પહોંચે તે પહેલા જ તે મૃત્યુ પામ્યો હતો. જોકે સમગ્ર બાબતમાં શાહીબાગ પોલીસે ઘટના સ્થળ પર પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી જેમાં તેના મિત્ર આરોપી ભાવેશ, મેહુલ અને કરણ નામના ત્રણ શખસોની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિંતાજનક રીતે કથળી હોવાના અહેવાલો સામે આવ્યા છે. શહેરમાં એક જ રાતમાં હત્યાની બે અલગ-અલગ ઘટનાઓ બનતાં ભારે સનસનાટી મચી ગઈ છે. આ ઘટનાઓએ પોલીસની રાત્રિ પેટ્રોલિંગ અને સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિંતાજનક રીતે કથળી હોવાના અહેવાલો સામે આવ્યા છે. શહેરમાં એક જ રાતમાં હત્યાની બે અલગ-અલગ ઘટનાઓ બનતાં ભારે સનસનાટી મચી ગઈ છે. આ ઘટનાઓએ પોલીસની રાત્રિ પેટ્રોલિંગ અને સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. પ્રથમ ઘટનામાં, શહેરની સૌથી મોટી અને અતિસંવેદનશીલ જગ્યા ગણાતી અસારવા સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાં એક યુવકની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે હોસ્પિટલ વિસ્તારમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું છે અને લોકોમાં પોલીસની નિષ્ક્રિયતા સામે રોષ જોવા મળી રહ્યો છે. જો કે પોલીસ દ્વારા હવે ગુનાખોરી ડામવા શું પગલાં લેવાય છે તે જોવાનું જ રહ્યું.

# કચ્છમાં કફ સિરપને લઈને તપાસનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા

### આગામી દિવસોમાં આ જ રીતે અન્ય તાલુકાઓમાંથી કફ સિરપનાં સેમ્પલો લઈને તેને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવશે




। (માહિતી) કચ્છ, તા.૧૦ ।

તાજેતરમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં શંકાસ્પદ કફ સિરપને કારણે બાળકોનાં મોત થયાની ઘટનાને પગલે ગુજરાતમાં પણ ડ્રગ્સ વિભાગ દ્વારા વિવિધ જિલ્લાઓમાં કફ સિરપના નમૂનાઓ એકત્રિત કરીને પરીક્ષણ માટે મોકલવાની કામગીરી યુદ્ધનાં ધોરણે શરૂ કરી દેવામાં આવી છે.જેના પગલે કચ્છમાંથી અત્યાર સુધીમાં દવાના હોલેસેલ વેપારીઓને ત્યાંથી ૩૨ જેટલી અલગ અલગ કફ સિરફનાં નમૂનાઓ લેવામાં આવ્યા છે. જેને પરીક્ષણ માટે મોકલી દેવામાં આવ્યા છે. આગામી દિવસોમાં આ જ રીતે અન્ય તાલુકાઓમાંથી કફ સિરપનાં સેમ્પલો લઈને તેને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવશે.ડ્રગ્સ વિભાગનાં સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તાજેતરમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં શંકાસ્પદ કફ સિરપને કારણે બાળકોનાં મોત થયાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ ગુજરાતમાં પણ આવી ઘટના ન બને તે માટે અગમચેતીનાં ભાગરૂપે રાજ્યનાં ડ્રગ્સ વિભાગ દ્વારા કફ સિરપને લઈને તપાસનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ માટે રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં કફ સિરપનું હોલસેલ વેચાણ કરતાં વેપારીઓને ત્યાં સ્થાનિક ડ્રગ્સ વિભાગની ટીમો દ્વારા અલગ અગલ કફ સિરપનાં નમૂનાઓ લેવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ તમામ સેમ્પલોને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવી રહ્યા છે.

ત્યારે રાજ્યનાં ડ્રગ્સ વિભાગની સૂચનાને પગલે કચ્છમાં પણ વિભાગ દ્વારા જિલ્લાનાં વિવિધ તાલુકાઓમાં હોલેસેલ દવાનાં વેપારીઓને ત્યાં તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ તપાસ દરમ્યાન અલગ અલગ કફ સિરપનાં નમૂનાઓ પણ લેવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ભુજમાંથી ૧૨, ગાંધીધામમાંથી ૧૧ અને ભચાઉમાંથી ૯ નમૂના મળીને કુલ ૩૨ જેટલા કફ સિરપનાં નમૂનાઓ લઈને પરીક્ષણ માટે મોકલી દેવામાં આવ્યા છે. આગામી દિવસોમાં પણ આ જ રીતે વિવિધ તાલુકામાંથી કફ સિરપનાં સેમ્પલો લેવાની કામગીરી ચાલુ રાખવામાં આવશે. આ સિવાય અન્ય દવાઓનાં પણ સેમ્પલો લેવાની રૂટની કામગીરી પણ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

# અમદાવાદ સ્ટેશનના પુનર્વિકાસ અંતર્ગત ૧૦૦ વર્ષ જૂના સારંગપુર રોડ ઓવરબ્રિજનું પુનર્નિર્માણ કાર્ય ઝડપી પ્રગતિ પર

। (રેલ્વે) અમદાવાદ, તા.૧૦ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ રેલવે સ્ટેશનનું પુનર્વિકાસ કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે. પુનર્વિકાસ કાર્ય અંતર્ગત સારંગપુર રોડ ઓવરબ્રિજ (ROB)નું પુનર્નિર્માણ કાર્ય પણ ઝડપી પ્રગતિ પર છે. આ પુલ અમદાવાદ (કાલુપુર) સ્ટેશનના દક્ષિણ દિશામાં આવેલો છે અને અંબેડકર ચોકને પશ્ચિમ દિશામાં તેમજ રખિયાલ રોડને પૂર્વ દિશામાં જોડે છે. લગભગ ૧૦૦ વર્ષ જૂના આ પુલના પુનર્નિર્માણનું કાર્ય જાન્યુઆરી ૨૦૨૫માં રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (RLDA) ને સોંપવામાં આવ્યું હતું. પુનર્નિર્માણ બાદ રેલવે ભાગમાં લેનની સંખ્યા વધારીને છ કરવામાં આવશે, જેથી વાહનવ્યવહાર વધુ સુવિધાજનક બનશે અને ટ્રાફિક જામમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ પુલ અમદાવાદ સ્ટેશનના આવનારા એલિવેટેડ રોડ નેટવર્ક સાથે પણ જોડાશે, જેના કારણે મુસાફરો તથા નાગરિકોને વધુ સારી કનેક્ટિવિટી મળશે. આ પુલની કુલ લંબાઈ બે ભાગોમાં વિભાજિત છે — એપ્રોચની લંબાઈ ૪૯૭ મીટર અને રેલવે સ્પેનની લંબાઈ ૧૩૮ મીટર છે, જેમાં ૧૦૭ મીટરનો સિંગલ સ્પેન બો-સ્ટ્રિંગ ગર્ડર બ્રિજનો સમાવેશ થાય છે. જૂના એપ્રોચ તથા રેલવે સ્પેનને દૂર કરવાનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. આ કાર્ય અત્યંત પડકારજનક હતું, જેને રેલવે સંચાલનને અસર કર્યા વગર ટ્રાફિક બ્લોક દરમિયાન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. હાલમાં કાર્ય ઝડપી પ્રગતિ પર છે — ૧૩૨ પાઈલિંગનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે, ૨૩માંથી ૧૮ પિલર તૈયાર થઈ ગયા છે અને ૭૬માંથી ૪૪ ગર્ડર કાસ્ટ થઈ ચૂક્યા છે.

## હિંમતનગર નજીક ટ્રેનને ઉથલાવી દેવાનો પ્રયાસ થયો, અજાણ્યા ત્રણ શખ્સોએ ટ્રેનના ટ્રેક પર લોખંડની ગડર મુકી

।(માહિતી) હિંમતનગર, તા.૧૦।

તાજેતરમાં સુરતના ડિંડોલીમાં ટ્રેનના પાટા પર લોખંડની ચેનલ મૂકી ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો હતો. અજાણ્યા શખ્સે ગુડસ ટ્રેનના પાટા પર લોખંડની ચેનલ મૂકી હતી અને ટ્રેનને નુકસાન થાય તેવો પ્રયત્ન કર્યો હતો, જોકે ટ્રેનની સ્પીડ ધીમી હોવાના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. હવે હિંમતનગરમાં ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અજાણ્યા લોકોએ ટ્રેનના ટ્રેક પર લોખંડની ગડર મુકીને ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના અસારવા રેલવે સ્ટેશનથી રાજસ્થાનના ઉદેપુર સુધી જતી અસારવા ઉદેપુર ડેમુ ટ્રેનના ટ્રેક પર ટ્રેનને હિંમતનગર પાસે ઉથલાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અજાણ્યા ત્રણ શખ્સોએ ટ્રેનના ટ્રેક પર લોખંડની ગડર મુકીને ટ્રેનને ઉથલાવવા માટે પ્રયાસ કર્યો હતો. રેલવેના લોકો પાયલટની સાવચેતીના પગલે મોટી દુર્ઘટના ટળી હતી. સમગ્ર ઘટના અંગે હિંમતનગર રેલવે પોલીસે તપાસ શરૂ કરી છે. આ ઘટનાની તપાસમાં રેલવે પોલીસ સહિત સ્થાનિક પોલીસ પણ જોડાઈ છે. અજાણ્યા ત્રણ શખ્સોને પકડીને કડક કાર્યવાહી કરાશે.

## પઠાણકોટ-જમ્મુ તવી સેક્શનમાં લેન્ડ સ્લાઈડિંગના અવરોધને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે

। (રેલ્વે) અમદાવાદ, તા.૧૦ ।

ઉત્તર રેલ્વેના કઠુઆ–માધોપુર(પંજાબ)માં ડાઉન લાઈન પર બ્રિજ સંખ્યા ૧૭ પર મિસઅલાઈનમેન્ટ થવાને તેમજ પઠાણકોટ–જમ્મુ તવી સેક્શન પર ભૂસ્ખલન થવાને કારણે અવરોધ સર્જાયો છે, જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગત નીચે મુજબ છે:

સંપૂર્ણપણે રદ થયેલી ટ્રેનો

૧. ૧૧ ઓક્ટોબર ૨૦૨૫ ની ગાડી સંખ્યા ૧૯૦૨૭, બાંદ્રા ટર્મિનસ–જમ્મુ તવી એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૧૩ ઓક્ટોબર ૨૦૨૫ ની ગાડી સંખ્યા ૧૯૦૨૮, જમ્મુ તવી–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ રદ રહેશે.

૩. ૧૨ ઓક્ટોબર ૨૦૨૫ ની ગાડી સંખ્યા ૧૯૪૧૫, સાબરમતી–શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ રદ રહેશે.

૪. ૧૪ ઓક્ટોબર ૨૦૨૫ ની ગાડી સંખ્યા ૧૯૪૧૬, શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા–સાબરમતી એક્સપ્રેસ રદ રહેશે.

૫. ગાડી સંખ્યા ૧૯૧૦૭, ભાવનગર ટર્મિનસ–એમસીટીએમ ઉધમપુર એક્સપ્રેસ આગામી સૂચના સુધી રદ રહેશે.

૬. ગાડી સંખ્યા ૧૯૧૦૮, એમસીટીએમ ઉધમપુર–ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ આગામી સૂચના સુધી રદ રહેશે.

આંશિક રીતે રદ થયેલી ટ્રેનો

૧. ગાડી સંખ્યા ૧૯૦૨૭ બાંદ્રા ટર્મિનસ–જમ્મુ તવી એક્સપ્રેસ ૧૮ ઓક્ટોબર ૨૦૨૫ થી આગામી સૂચના સુધી લુધિયાણા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. તથા આ ટ્રેન લુધિયાણા–જમ્મુ તવી વચ્ચે આંશિક રદ રહેશે.

૨. ગાડી સંખ્યા ૧૯૦૨૮ જમ્મુતવી–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૦ ઓક્ટોબર ૨૦૨૫ થી આગામી સૂચના સુધી જમ્મુતવીના બદલે લુધિયાનથી શોર્ટ ઓરિજીનેટ થશે, તથા આ ટ્રેન જમ્મુ તવી–લુધિયાણા વચ્ચે આંશિક રદ રહેશે.

૩. ગાડી સંખ્યા ૧૯૪૧૫ સાબરમતી–શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા ૧૯ ઓક્ટોબર ૨૦૨૫ થી આગામી સૂચના સુધી અમૃતસર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા આ ટ્રેન અમૃતસર– શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા વચ્ચે આંશિક રદ રહેશે.

### 'રાષ્ટ્રીય ડાક સપ્તાહ'નું સમાપન, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે ગ્રાહકો સાથે કર્યો સંવાદ

# કોર્પોરેટ ગ્રાહકો, નિકાસકારોથી લઈ સ્થાનિક ઉદ્યોગસાહસિકો માટે ડાક વિભાગ દ્વારા વિવિધ સુવિધાઓ – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

### 'ડાકઘર નિર્યાત કેન્દ્ર' બની રહ્યું છે સ્થાનિક ઉદ્યોગસાહસિકોની વૈશ્વિક બજાર સુધી પહોંચનું શક્તિશાળી માધ્યમ – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ




। (ડાક વિભાગ) અમદાવાદ, તા.૧૦ ।

ડાક વિભાગ સતત નવી ટેકનોલોજી અને નવીનતાઓ દ્વારા પોતાની સેવાઓનો વિસ્તાર કરતા સમાજના દરેક વર્ગ સુધી અસરકારક રીતે પહોંચી રહ્યું છે. ગ્રાહક સેવાને પ્રાથમિકતા બનાવીને, ડાક વિભાગ આજે પરંપરાગત ડાક સેવાઓથી આગળ વધી, વ્યાપક નાણાકીય, લોજિસ્ટિક્સ અને ડિજિટલ સેવાઓ પણ ઉચ્ચ ગુણવત્તા અને કાર્યક્ષમતાથી પૂરી પાડી રહ્યું છે. ડિજિટલ યુગમાં જ્યાં મોબાઈલ, ઈમેલ અને સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ થાય છે, ત્યાં પણ પત્રો અને ડાક સેવાઓનું પોતાનું વિશિષ્ટ મહત્વ અડગ રહ્યું છે. આજેય અનેક મહત્વપૂર્ણ દસ્તાવેજો ,સરકારી અને કોર્ટ સંબંધિત પત્રો, આધાર કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ, મતદાર ઓળખપત્ર, પાન કાર્ડ, વિવિધ બેંકોની ચેકબુક અને એટીએમ કાર્ડ વગેરે ડાકઘર મારફતે જ મોકલવામાં આવે છે. ઉપરોક્ત વિચાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે 'રાષ્ટ્રીય ડાક સપ્તાહ'ના સમાપન પ્રસંગે ૧૦ ઓક્ટોબરે ક્ષેત્રીય કચેરી, અમદાવાદ ખાતે યોજાયેલા 'ગ્રાહક દિવસ' નિમિત્તે આયોજિત 'ગ્રાહક સંમેલન' (કસ્ટમર મીટ) ને સંબોધિત કરતાં વ્યક્ત કર્યા. આ પ્રસંગે ડાક સેવાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી તેમજ વિવિધ નિકાસકારો સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી. આ પહેલ સ્થાનિક વ્યવસાયો અને ઉદ્યોગોને વૈશ્વિક બજારમાં પહોંચાડવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આ અવસરે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ડાક વિભાગને વર્ષોથી સતત મહત્વપૂર્ણ વ્યવસાય આપતા પ્રતિષ્ઠિત ગ્રાહકો, ગાંધીનગર સ્થિત પરિવહન કચેરી, રાજસ્વ વિભાગ અને ભારતીય જીવન વીમા નિગમના પ્રતિનિધિઓ નું સન્માન કર્યું.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ કસ્ટમર મીટનો હેતુ બલ્ક ગ્રાહકોને સ્પીડ પોસ્ટ અને પાર્સલ સેવાઓમાં તાજેતરમાં શરૂ કરાયેલ નવી પહેલોની જાણકારી આપવાનો છે, જેથી ઓડીઓપી, જી.આઈ., એમએસએમઈ નિકાસકારો તથા ઈ-કોમર્સ ઉદ્યોગસાહસિકો પોતાની આવશ્યકતાઓ અનુસાર સેવાઓનો લાભ લઈ શકે. ડાક વિભાગ વિવિધ વ્યવસાય સમૂહોની જરૂરિયાતોને અનુરૂપ વિસ્તૃત અને બહુમુખી યોજનાઓ ચલાવી રહ્યું છે. તેમાં સ્પીડ પોસ્ટ, પાર્સલ, ડાકઘર નિર્યાત કેન્દ્ર, ઈ-પોસ્ટ, જ્ઞાન પોસ્ટ, બિઝનેસ પોસ્ટ, ડાયરેક્ટ પોસ્ટ, મીડિયા પોસ્ટ, રિટેલ પોસ્ટ, લોજિસ્ટિક્સ પોસ્ટ, ઈ-પેમેન્ટ, આધાર સેવાઓ, પાસપોર્ટ સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે વધુમાં જણાવ્યું કે વાણિજ્યિક નિકાસને પ્રોત્સાહન આપવા અને નિકાસકારોને કેન્દ્રિત, સરળ અને અસરકારક સમાધાન ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાતમાં કુલ ૫૭ ડાકઘર નિર્યાત કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. આ ડાકઘર નિર્યાત કેન્દ્રો દ્વારા સ્થાનિક ઉત્પાદકો, ખાસ કરીને ઓડીઓપી, જી.આઈ. અને એમએસએમઈ સાથે જોડાયેલા વ્યવસાયોને વૈશ્વિક બજારમાં પહોંચ આપવામાં આવી રહી છે, જેના પરિણામે "વોકલ ફોર લોકલ" અને "આત્મનિર્ભર ભારત" જેવી પહેલોને વધુ મજબૂતી મળી રહી છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાકઘરોમાં પિકઅપ એન્ડ ઈન્ડક્શન, પાર્સલ પેકેજિંગ યુનિટ અને ક્યુઆર કોડ દ્વારા ડિજિટલ પેમેન્ટ જેવી આધુનિક સેવાઓ પણ ઉપલબ્ધ છે. આંતરરાષ્ટ્રીય ડાકના ઝડપી નિરાકરણ માટે અમદાવાદના શાહિબાગમાં વિદેશ ડાકઘર તથા સુરતમાં

# વડોદરાના કરોળિયા વિસ્તારમાં ગટરના પાણીથી લોકો ત્રસ્ત થયા

। (પ્રતિનિધી) વડોદરા, તા.૧૦ ।

વડોદરામાં આ વર્ષે ચોમાસાની સિઝનનો સારો વરસાદ રહ્યો. વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાયાની સમસ્યા જોવા મળી છે. હાલમાં વરસાદે વિરામ લીધા બાદ પણ પાણીનો નિકાલ થયો નથી. વરસાદી પાણીનો નિકાલ ના થતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એકબાજુ વરસાદી પાણી અને બીજી રસ્તા પર ગટરના પાણી ફરી વળતા સ્થાનિકો ભારે મુશ્કેલીમાં મૂકાયા.

વારંવાર તંત્રને રજૂઆત કર્યા બાદ પણ રસ્તા પરના ગટરના પાણી દૂર ના થયા. શહેરના કરોળિયા વિસ્તારના રહીશો ગટરના પાણીને લઈને રસ્તા પર ઉતર્યા. કરોળિયા રોડ પર આવેલ ત્રણ સોસાયટીના રહીશોએ રોડ પર ઉતરી સમસ્યાને લઈને વિરોધ નોંધાવ્યો. શિવ શક્તિ સોસાયટી, વૃંદાવન સોસાયટી અને ગાયત્રી સોસાયટી એમ ૩ સોસાયટીના રહીશોએ ઢોલ નગારા સાથે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું. આ ત્રણેય સોસાયટીના સ્થાનિકોએ કાદવ કિચડમાં બેસી અનોખો વિરોધ નોંધાવ્યો.

સ્થાનિકોનો આક્ષેપ છે કે ઘણા સમયથી અમે આ સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ. રસ્તા પર ગટરના પાણી ફરી વળ્યા છે અને વરસાદી પાણી ભરાતા લોકોને રોજિંદા કાર્યોમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાને લઈને અનેક વખત આ વિસ્તારના જવાબદાર લોકોને રજૂઆત કરી છે.

છતાં અહીં રોડ સહિતની કોઈપણ સુવિધા પૂરી નહીં પાડવામાં આવી નથી. તંત્રની નબળી કામગીરીને લઈને સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો. પ્રાથમિક સમસ્યાને લઈને આખરે શાસકો અને સત્તાધીશોને વારંવારની રજૂઆત બાદ પણ ના ફરકતા સ્થાનિકોએ વિરોધ પ્રદર્શનનું શસ્ત્ર ઉગામ્યું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. નોકરી માટેના ઈન્ટરવ્યુમાં હાજર થવા અથવા તમારો બાયો-ડેટા મોકલવા માટે સારો દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. સફળતા ચોક્કસ જ તમારી છે- જો તમે મહત્વના ફેરફારો એક સમયે એક પગલું લઈને કરશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે. તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર ધ્યાન આપો.

**કર્ક (ડ,હ) :**

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે. તમને લાભ થવાની શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસ માં હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. તમે ભૂતકાળ માં કાર્ય ક્ષેત્ર માં ઘણા કામ અધૂરા છોડી દીધા છે, જેની તમારે આજે ચૂકવણી કરવી પડી શકે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા તંતુને નબળો પાડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. પ્રિયપાત્ર સાથે કેન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો. તમે જો ઘણા સમયથી કામના સ્થળે મુશ્કેલી અનુભવતા હશો તો આજનો દિવસ ખરેખર સારો રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છેતમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે. એવા ઉતાવળા નિર્ણય લેતા નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો-તમારા મિત્રો સાથે વધુ સમય વિતાવો.

# પૂર્વ કેન્દ્રીય મંત્રી સહિત ૧૮ દિગ્ગજ નેતાઓના રાજીનામા

**પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ચાર વખત ભાજપ સાંસદ રહી ચૂકેલા રાજેન ગોહૈને પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે**



। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

આસામમાં ભાજપને મોટો ઝટકો વાગ્યો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ચાર વખત ભાજપ સાંસદ રહી ચૂકેલા રાજેન ગોહૈને પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. તેમની સાથે અન્ય ૧૭ સભ્યોએ પણ રાજીનામું આપતાં પક્ષમાં સોંપો પડ્યો છે. રાજેન ગોહૈને આ નિર્ણય અંગે ભાજપના પ્રાદેશિક અધ્યક્ષ દિલીપ સૈકિયાને પત્ર લખી જાણ કરી હતી. તેમણે લખ્યું હતું કે, હું પક્ષનું પ્રાથમિક સભ્યપદ અને તમામ જવાબદારીઓમાંથી તાત્કાલિક ધોરણે દૂર થઈ રહ્યો છું. સૂત્રો અનુસાર, રાજીનામું આપનારા મોટાભાગના સભ્ય સારૂ એવું વર્ચસ્વ ધરાવે છે. રાજેન ગોહૈને પત્રકારો સાથે વાત કરતાં રાજીનામું આપવા પાછળનું કારણ જણાવ્યું હતું કે, પક્ષ આસામના લોકોને આપવામાં આવેલા વચનો પૂરા કરવામાં નિષ્ફળ રહ્યું છે, સ્થાનિક સમુદાયો સાથે છેતરપિંડી કરી છે. બહારના લોકોને રાજ્યમાં વસવાટ કરવા મંજૂરી આપી છે.

રાજેન ગોહૈન ૧૯૯૯થી ૨૦૧૯ સુધી નાગાંવ સંસદીય મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા અને ૨૦૧૬થી ૨૦૧૯ સુધીમાં રેલવે મંત્રાલયના રાજ્યમંત્રી તરીકે સેવા આપી હતી. ભાજપમાં રહીને તેમણે પક્ષના પ્રદેશ પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. તેઓ ચાના બગીચાના માલિક પણ છે અને અન્ય ઘણા ક્ષેત્રોમાં તેમનો નોંધપાત્ર પ્રભાવ છે. તેમના જવાથી રાજ્યમાં ભાજપને નોંધપાત્ર નુકસાન થઈ શકે છે. ઉલ્લેખનીય છે, હાલ આસામમાં મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માના નેતૃત્વ હેઠળની સરકાર સત્તામાં છે. ઉત્તરપૂર્વીય રાજ્ય આસામમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ભાજપ આસામમાં જીતની હેટ્રિક ઈચ્છે છે.

### શાંતિ પ્રસ્તાવના પ્રથમ તબક્કા પર સહમત

# ઈઝરાયલ અને હમાસ વચ્ચે ભૌગોલિક તણાવોનો આવશે અંત

**અમેરિકાની આગેવાની હેઠળ તૈયાર થયેલી આ શાંતિ સમજૂતીનો પ્રથમ તબક્કો માનવીય મુદ્દાઓ પર કેન્દ્રિત**

। (એજન્સી) તેલઅવિવ, તા.૧૦ ।

ગાઝામાં પાછલા બે વર્ષથી ચાલતા સંઘર્ષનો આખરે અંત નજીક દેખાય રહ્યો છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે થયેલી શાંતિ સમજૂતીએ ઈતિહાસનું નવું પાનું ખોલ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થીથી આ સમજૂતીનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે, જે ગાઝામાં શાંતિ અને સ્થિરતા તરફનું પ્રથમ માની શકાય છે. આ સમાચાર દરેક માટે ખુશીની વાત છે, કારણ કે આ સમજૂતી બંને પક્ષો વચ્ચે વિશ્વાસનો પુલ બનાવી શકે છે.અમેરિકાની આગેવાની હેઠળ તૈયાર થયેલી આ શાંતિ સમજૂતીનો પ્રથમ તબક્કો માનવીય મુદ્દાઓ પર કેન્દ્રિત છે. આ અંતર્ગત હમાસ દ્વારા બંધક બનાવાયેલા ઈઝરાયલી નાગરિકોની મુક્તિ થશે. જેમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોનો સમાવેશ થાય છે, જેમાંથી લગભગ ૧૦૦થી વધુ બંધકો હોવાનું માનવામાં આવે છે. સમાચાર એજન્સીઓના જણાવ્યા પ્રમાણે, હમાસ આ સપ્તાહના અંત સુધીમાં ૨૦ જીવિત બંધકોને મુક્ત કરી શકે છે. બીજી તરફ, ઈઝરાયલ પણ પોતાની જેલોમાં બંધ ફિલિસ્તીની કેદીઓને છોડશે, જોકે તેમની સંખ્યા હજુ જાહેર કરવામાં આવી નથી. આ રિહાઈ પ્રક્રિયા ૭૨ કલાકમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.આ સમજૂતીના બીજા મહત્વના પાસામાં ઈઝરાયલી સેનાનું ગાઝા પટ્ટીના ચોક્કસ વિસ્તારોમાંથી પીછેહઠનો ઉલ્લેખનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને, જ્યાં તાજેતરમાં તીવ્ર સંઘર્ષ થયો હતો, તેવા



વિસ્તારોમાંથી સેના પાછી હટ કરશે. આ પીછેહઠ નિર્ધારિત બફર ઝોન સુધીની હશે, જે ગાઝાની સરહદો પર સ્થિત છે. આ પ્રક્રિયા દરમિયાન સુરક્ષા જાળવવા માટે આંતરરાષ્ટ્રીય શાંતિ સેનાની નિમણૂક થઈ શકે છે. આ પગલુ ગાઝામાં શાંતિની સ્થાપના માટે મહત્વનું માનવામાં આવે છે.આ સમજૂતીના પ્રથમ તબક્કામાં ગાઝામાં મૂળભૂત સુવિધાઓ જેવી કે પાણી, વીજળી અને તબીબી સેવાઓની પુનઃસ્થાપના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે યુદ્ધથી નાશ પામેલા વિસ્તારોના પુનર્નિર્માણ માટે બાંધકામને મંજૂરી આપવામાં આવશે. આ પગલાથી ગાઝાના રહેવાસીઓને રાહત મળશે અને તેમનું જીવન સામાન્ય બનાવવામાં મદદ મળશે. આ તબક્કો આગામી ૩૦ દિવસમાં પૂર્ણ થવાની આશા સેવાય રહી છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ સમજૂતીને ઐતિહાસિક ગણાવી છે. તેણે જણાવ્યું, “આ શાંતિ સમજૂતીનો પ્રથમ તબક્કો બંધકોની મુક્તિ અને ઈઝરાયલી સેનાના પીછેહઠથી શરૂ થશે. આ શાંતિની દિશામાં મજબૂત પગલુ છે, જે અરબ વિશ્વ, ઈઝરાયલ અને આસપાસના દેશો માટે ખુશીની ઘડી છે.” તેણે કતાર, મિસ્ત્ર અને તુર્કીના મધ્યસ્થીઓનો આભાર માન્યો, જેણે આ

# પાકિસ્તાનને ભારતીય વાયુ સેનાએ ગજબનું Roast કર્યું!

**એરફોર્સ ડેના સેલિબ્રેશનમાં મહેમાનો માટે રાખવામાં આવેલ આ ખાસ મેનૂ કાર્ડ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ**

। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

ભારતીય વાયુસેના (IAF) એ તેના ૯૩મા એરફોર્સ ડેની ઉજવણી માત્ર આકાશમાં શૌર્ય બતાવીને નહીં, પણ ડિનર મેનૂ દ્વારા પાકિસ્તાનને જબરદસ્ત રીતે રોસ્ટ કરીને કરી છે. એરફોર્સ ડેના સેલિબ્રેશનમાં મહેમાનો માટે રાખવામાં આવેલ આ ખાસ મેનૂ કાર્ડ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યું છે, કારણ કે દરેક ડિશનું નામ પાકિસ્તાનના એવા સ્થળો પરથી રાખવામાં આવ્યું છે, જે ભારતીય વાયુસેનાના એરસ્ટ્રાઈકનું નિશાન બન્યા હતા.

આ ડિનર મેનૂમાં એવા પાકિસ્તાની શહેરો અને સ્થળોના નામનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે ૨૦૧૯ની બાલાકોટ એરસ્ટ્રાઈક અને તાજેતરમાં થયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેનાના નિશાન બન્યા હતા. સોશિયલ મીડિયા પર આ મેનૂ કાર્ડની તસવીર ધૂમ મચાવી રહી છે. લોકો ભારતીય વાયુસેનાની આ અનોખી અને મજાકિયા શૈલીના જોરદાર વખાણ કરી રહ્યા છે. ભારતીય વાયુસેનાએ આ મેનૂ દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ આકાશમાં દુશ્મનો પર પ્રિસિઝન સ્ટ્રાઈક (સચોટ હુમલો) કરે છે અને હવે ડિનર ટેબલ પર પણ તેમની નજર સચોટ છે! એક યુઝરે કોમેન્ટ કરી કે, “આ મેનૂ ખાધા પછી પાકિસ્તાનનું પેટ ખરાબ થઈ જશે!” ભારતીય સેનાની આ સર્જનાત્મકતાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તેઓ દરેક મોરચે વિજયની ભાવનાને કેવી રીતે ઉજવે છે.

# હંગેરિયન લેખક લાસ્ઝલો ક્રાસ્ઝના હોરકાઈને મળશે એવોર્ડ

। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

ગુરુવારે (૯ ઓક્ટોબર, ૨૦૨૫) સ્વીડિશ એકેડેમીએ સાહિત્યમાં નોબેલ પુરસ્કારની જાહેરાત કરી. આ પુરસ્કારોની જાહેરાત સાંજે ૪:૩૦ વાગ્યે કરવામાં આવી.

આ વર્ષે, હંગેરીના લાસ્ઝલો ક્રાસ્ઝનાહોરકાઈને સાહિત્યમાં નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર એવા લેખકોને ઓળખે છે જેમણે ઉત્કૃષ્ટ પુસ્તકો અથવા કવિતાઓ દ્વારા સાહિત્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

પુરસ્કારની જાહેરાત કરતા, સ્વીડિશ એકેડેમીએ જણાવ્યું હતું કે લાસ્ઝલો ક્રાસ્ઝનાહોરકાઈની કૃતિઓ ખૂબ પ્રભાવશાળી અને સ્વપ્રદ્રષ્ટા છે. તેઓ વિશ્વના વિનાશ અને ભય વચ્ચે પણ કલાની શક્તિનું પ્રદર્શન કરે છે. લાસ્ઝલો મધ્ય યુરોપિયન પરંપરામાં એક મહાકાવ્ય લેખક છે, જે કાફકાથી થોમસ બર્નહાર્ડ સુધી ફેલાયેલી છે, અને તેમાં ઉદાસીનતાની વિશિષ્ટતા છે.

તેમની પ્રથમ નવલકથા, સાતાન્તાન્ગો, ૧૯૮૫ માં પ્રકાશિત થઈ હતી અને તેમને હંગેરીમાં લેખક તરીકે સ્થાપિત કર્યા હતા. આ નવલકથા સામ્યવાદના પતન પહેલા, હંગેરિયન ગ્રામ્ય વિસ્તારમાં એક ઉજ્જડ ખેતરમાં રહેતા નિરાધાર રહેવાસીઓના જૂથ પર કેન્દ્રિત છે.

સમિતિએ જણાવ્યું હતું કે તેમના પુસ્તકો દાર્શનિક છે. તેઓ માનવતા, અરાજકતા અને આધુનિક સમાજના સંકટોને નિખાલસતાથી સંબોધે છે. એકંદરે, લાસ્ઝલો ઊંડાણપૂર્વક વિચાર-પ્રેરક, ઉદાસ વાર્તાઓ લખવા માટે પ્રખ્યાત છે. તેમના પુસ્તકો, “સાતાન્તાન્ગો” અને “ધ મેલાક્રોલી ઓફ રેઝિસ્ટન્સ“ પરથી ફિલ્મો બનાવવામાં આવી છે.

“ધ મેલાક્રોલી ઓફ રેઝિસ્ટન્સ“ એક નાના ગામ અને તેના લોકોના મુશ્કેલ જીવનની આસપાસ ફરે છે, જે માનવ સ્વભાવની ખામીઓ અને ગુણોને સુંદર રીતે રજૂ કરે છે. “સાતાન્તાન્ગો” પર આધારિત સાત કલાકની ફિલ્મ પણ બનાવવામાં આવી હતી, જેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. વિજેતાને ૧૧ મિલિયન સ્વીડિશ ક્રોના (૧૦.૩ કરોડ), સુવર્ણ ચંદ્રક અને પ્રમાણપત્ર મળશે. જો એક કરતાં વધુ વિજેતા જીતે છે, તો ઈનામની રકમ તેમની વચ્ચે વહેંચવામાં આવે છે. પુરસ્કારો ૧૦ ડિસેમ્બરે સ્ટોકહોમમાં રજૂ કરવામાં આવશે. નોબેલ એકેડેમીએ અત્યાર સુધી ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, દવા અને સાહિત્ય માટે પુરસ્કારોની જાહેરાત કરી છે.

# રણજી ટ્રોફી ૨૦૨૫-૨૬ માટે બંગાળની ટીમની જાહેરાત

। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

મોહમ્મદ શમી ભારતની ટેસ્ટ, ODI અને ટી૨૦ ટીમોમાંથી બહાર છે. આ દરમિયાન તેને બંગાળની સ્થાનિક રણજી ટ્રોફી ટીમ માટે પસંદ કરવામાં આવ્યો છે. ભારતના અન્ય બોલર આકાશ દીપ પણ ટીમનો ભાગ રહેશે, જ્યારે ટીમનું નેતૃત્વ અભિમન્યુ ઈશ્વરન કરશે, જે તેના ટેસ્ટ ડેબ્યૂની રાહ જોઈ રહ્યો છે. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (CAB)એ બુધવારે રણજી ટ્રોફી માટે ટીમની જાહેરાત કરી, જેમાં વિકેટકીપર-બેટ્સમેન અભિષેક પોરેલ વાઈસ-કેપ્ટન તરીકે રહેશે. બંગાળની બોલિંગનું નેતૃત્વ મોહમ્મદ શમી અને આકાશ દીપ જેવા સ્ટાર્સ કરશે, જ્યારે બેટિંગ લાઈન-અપમાં અભિમન્યુ ઈશ્વરન અને અભિષેક પોરેલ, અનુસ્તુપ મજુમદાર, સુદીપ ચેટર્જી અને યુવા બેટ્સમેન સુદીપ કુમાર ઘરામીનો સમાવેશ થાય છે. રાહુલ પ્રસાદ, સૌરભ કુમાર સિંહ અને વિશાલ ભાટી પણ મોટા મંચ પર પોતાની પ્રતિભા દર્શાવવા માટે ઉત્સાહિત છે. લક્ષ્મી રતન શુક્લા ટીમના મુખ્ય કોચ છે, જ્યારે અરૂપ ભટ્ટાચાર્ય અને શિવ શંકર પોલ સહાયક કોચ છે, અને ચરણજીત



સિંહ મથારુ ફિલ્ડિંગ કોચ છે. અભિમન્યુ ઈશ્વરનની આગેવાની હેઠળની બંગાળ ટીમ ૧૫ ઓક્ટોબરે કોલકાતાના તેના હોમ ગ્રાઉન્ડ, ઈડન ગાર્ડન્સ ખાતે રણજી ટ્રોફી અભિયાનની શરૂઆત કરશે. બંગાળની પહેલી મેચ ઉત્તરાખંડ સામે છે. ત્યારબાદ બંગાળ ૨૫ ઓક્ટોબરે તેના બીજી મેચમાં ગુજરાતનો સામનો કરશે, તે પણ ઘરઆંગણે. મોહમ્મદ શમી પાસે આ મેચોમાં પ્રભાવ પાડવાની અને દક્ષિણ આફ્રિકા સામે ત્રિકોણીય ફોર્મેટ શ્રેણી માટે પોતાનો દાવો રજૂ કરવાની તક હશે.

# વિરાટ કોહલી-રોહિત શર્મા ૨૦૨૭ વર્લ્ડ કપમાં રમશે

। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

વિરાટ કોહલી અને રોહિત શર્મા ૨૦૨૭ વર્લ્ડ કપમાં રમશે કે નહીં તે અંગે ભારતના નવા ODI કેપ્ટન શુભમન ગિલે પોતાનું નિવેદન આપ્યું છે. શુભમન ગિલે સ્પષ્ટ કર્યું છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા ૨૦૨૭ વર્લ્ડ કપમાં રમશે. શુભમન ગિલનું નિવેદન સાંભળીને લાખો ભારતીય ક્રિકેટ ચાહકોમાં ખુશીની લહેર ફેલાઈ જશે. વેસ્ટ ઈન્ડીઝ સામેની બીજી ટેસ્ટ પહેલા શુભમન ગિલે ૨૦૨૭ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની યોજનાઓની ચર્ચા કરી. શુભમન ગિલે રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૭ના વર્લ્ડ કપમાં રમશે કે કેમ તે પ્રશ્નનો પણ જવાબ આપ્યો. ટીમ ઈન્ડિયાના ODI અને ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલે ક્રિકેટ ચાહકોને ખાતરી આપી છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૭ના ODI વર્લ્ડ કપની રેસમાં છે. શુભમન ગિલે ક્રિકેટ સ્પષ્ટ કર્યું કે રોહિત શર્મા અને વિરાટ કોહલી ODI ક્રિકેટમાં ભારતની યોજનાઓનો ભાગ રહેશે. વધુમાં આ બંને દિગ્ગજ ૨૦૨૭ ODI વર્લ્ડ કપની રેસમાં છે. શુભમન ગિલે



એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, “ખૂબ ઓછા ખેલાડીઓ પાસે રોહિત અને વિરાટ જેવો અનુભવ અને પ્રતિભા છે. ખૂબ ઓછા ખેલાડીઓએ ભારત માટે આટલી બધી મેચ જીતી છે. મને લાગે છે કે દુનિયામાં ખૂબ ઓછા ખેલાડીઓ પાસે આ પ્રકારની પ્રતિભા, ગુણવત્તા અને અનુભવ છે. તેઓ ૨૦૨૭ ODI વર્લ્ડ કપની રેસમાં છે.” શુભમન ગિલ ઓસ્ટ્રેલિયા સામેની ODI શ્રેણીમાં ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કરશે.

# ચીને યાંગ્ત્ઝી નદીના મુખ પાસે મોટી સંખ્યામાં યુદ્ધ જહાજો તૈનાત કર્યા

**ચીન-તાઇવાન વચ્ચે યુદ્ધની આશંકાઓ તેજ થઈ રહી છે**



। (એજન્સી) શાંઘાઈ, તા.૧૦ ।

બે વર્ષથી તબાહીનો સામનો કરી રહેલા ગાઝાને હવે શાંતિની આશા જાગી છે. આ અઠવાડિયે પહેલાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત ૨૦ સૂત્રના પ્લાનના પહેલાં તબક્કામાં હમાસે સ્વીકૃતિ દર્શાવી છે. ઈઝરાયલ પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂ પહેલાંથી જ ટ્રમ્પના પ્લાન પર સંમતિ વ્યક્ત કરી ચુક્યા છે. આ સાથે જ ગાઝા પટ્ટીમાં હવે હુમલા શાંત થઈ રહ્યા છે અને ત્યાં શાંતિની એક આશા જાગી છે. આ સાથે જ બંને બાજુએથી બંધકોની મુક્તિની પણ આશા છે. પરંતુ, ભારતનો પડોશી દેશ દુનિયામાં એક ત્રીજી જંગની શરૂઆત કરી રહ્યો હોય તેવું પણ એક ચિત્ર ઊભું થઈ રહ્યું છે. હકીકતમાં, સેટેલાઈટ તસવીરોથી ખુલાસો થયો છે કે, ચીને તાઈવાન સાથે વધતા તણાવની વચ્ચે યાંગ્ત્ઝી નદીના મુખ પાસે મોટી સંખ્યામાં યુદ્ધ જહાજો તૈનાત કરી દીધા છે. એક અહેવાલ અનસાર, ત્યાં ચીનના યુદ્ધ જહાજ અને સબમરિનની તૈનાતીની એક દુર્લભ ઘટના છે. આનાથી ચીન અને તાઈવાન વચ્ચે યુદ્ધની આશંકાઓ તેજ થઈ રહી છે. અહેવાલમાં કહેવામાં આવ્યું કે, આ બંને સેનાઓ વચ્ચે આ તણાવનું ઉચ્ચતમ સ્તર છે. આટલી મોટી સંખ્યાનાં ચીને યુદ્ધ જહાજો તૈનાત કર્યા તે તાઈવાન પર હુમલાનો સંકેત હોય શકે છે. ચીનની પીપુલ્સ લિબરેશન આર્મી નેવી (PLAN) એ પોતાની સૈન્ય શક્તિ સતત વધારી છે. યુદ્ધ જહાજ અને સબમરિનની સંખ્યાના હિસાબે ચીન પાસે દુનિયાની સૌથી મોટી નૌસેના છે. ચીન પાસે ૩૭૦થી વધારે યુદ્ધ જહાજ અને સબમરિન છે. તેમાં લેન્ડિંગ ડૉક જહાજ, હેલિકોપ્ટર વાહક અને વિશેષ લેન્ડિંગ બાર્જ સામેલ છે. બાર્જ વિશે વિશ્લેષકોનું કહેવું છે કે, આ સ્ટ્રેટ અને સમુદ્ર પાર કરીને તાઈવાન પર હુમલો કરી શકે છે. ૬ ઓક્ટોબર, ૨૦૨૫ની સેટેલાઈટ તસવીરોમાં શંઘાઈના યાંગ્ત્ઝી નદીના મુખ પાસે પાસેના મુખ્ય દરિયાઈ લોજિસ્ટિક્સ કેન્દ્રમાં ઘણાં યુદ્ધ જહાજો ઊભેલા જોવા મળ્યા હતા. ઓપન-સોર્સ સંરક્ષણ વિશ્લેષક એમટી એન્ડરસને તેમાં ટાઈપ ૦૭૧ યુઝાઓ-ક્લાસ લેન્ડિંગ પ્લેટફૉર્મ ડોક (LPD)ની ઓળખ કરી છે. આ ૨૫,૦૦૦ ટનનું ટ્રાન્સપોર્ટેશન શિપ છે, જે હુમલા દરમિયાન સૈનિકો, બખ્તરબંધ વાહનો અને લેન્ડિંગ ક્રાફ્ટને વિવાદિત કિનારે લઈ જવા માટે સક્ષમ છે.નોંધનીય છે કે, ચીન તાઈવાનને પોતાનો જ વિસ્તાર કહે છે અને જરૂર પડ્યે બળ પ્રયોગ કરવાની વાત પણ કહી ચુક્યું છે.

# સ્ટાર ક્રિકેટર રિંકુ સિંહને અંડરવર્લ્ડની ધમકી મળી

। (એજન્સી) દિલ્હી, તા.૧૦ ।

ભારતીય ક્રિકેટ ટીમના ઉભરતા સ્ટાર રિંકુ સિંહને અંડરવર્લ્ડ ડોન ડી કંપની તરફથી ધમકીઓ મળી છે. તેની પાસેથી ૫ કરોડની ખંડણી માંગવામાં આવી છે. આ કેસમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાંથી એકે ખંડણી માંગવાની કબૂલાત કરી છે. રિંકુ સિંહે તાજેતરમાં એશિયા કપ ફાઈનલમાં પાકિસ્તાન સામે ટીમ ઈન્ડિયા માટે વિનિંગ શોટ ફટકારીને હેડલાઈન્સમાં સ્થાન મેળવ્યું હતું. હવે, તેને અંડરવર્લ્ડ તરફથી ધમકીઓ મળી છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય બાબા સિદ્દીકીની



હત્યા બાદ રિંકુ સિંહ ઉપરાંત તેમના પુત્ર ઝીશાન સિદ્દીકીને ૧૦ કરોડની ખંડણી માટે ધમકીભર્યા ફોન આવ્યા હતા. આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીએ ચોંકાવનારો દાવો કર્યો છે. ખુલાસો થયો છે કે ક્રિકેટર રિંકુ સિંહ પર પણ ખંડણી માંગવામાં આવી હતી. આ આરોપીઓ મોહમ્મદ દિલશાદ અને મોહમ્મદ નવીદ છે, જેમને વેસ્ટ ઈન્ડીઝમાં અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ત્યારબાદ વેસ્ટ ઈન્ડીઝે તેને ૧ ઓગસ્ટે ભારતને સોંપી દીધા હતા. નાવીદે ક્રિકેટર રિંકુ સિંહ પાસેથી ૫ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. તેણે ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૭:૫૭ વાગ્યે પોતાનો પહેલો મેસેજ મોકલ્યો હતો. તેમાં લખ્યું હતું, “આશા છે કે તમે સ્વસ્થ હશો.” હું તમારો સૌથી મોટો ચાહક છું અને મને ખુશી છે કે તમે ᓑᓑઈ માટે રમી રહ્યા છો. રિંકુ સાહેબ, મને આશા છે કે તમે એક દિવસ તમારા કરિયરના શિખર પર પહોંચશો. સાહેબ, મારી એક વિનંતી છેઃ જો તમે થોડી આર્થિક મદદ કરી શકો, તો અલ્લાહ તમને વધુ આશીર્વાદ આપશે, ઈન્શાઅલ્લાહ. આ મેસેજનો કોઈ જવાબ ન મળ્યા પછી નવીદે ૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ રાત્રે ૧૧:૫૬ વાગ્યે રિંકુ સિંહને બીજો મેસેજ મોકલ્યોઃ “મને ૫ કરોડ રૂપિયાની જરૂર છે. હું સમય અને સ્થળની વ્યવસ્થા કરીશ. કૃપા કરીને તમારી પુષ્ટિ મોકલો.” બીજા ખંડણી મેસેજનો કોઈ જવાબ ન મળ્યા પછી નવીદે ૨૦ એપ્રિલના રોજ સવારે ૭:૪૧ વાગ્યે અંગ્રેજીમાં મેસેજ મોકલ્યો.

## અંગત અદાવતમાં બે શખ્સે યુવકને પેટમાં ચાકુ હુલાવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ગોમતીપુરમા વૃદ્ધ પિતા સાથે રહેતા અને છૂટક મજૂરી કરતા યુવકના ઘરમાં ગત બુધવારની વહેલી સવારે ઘૂસી આવેલા બે યુવકે અંગત અદાવતમાં તેને પેટમાં છરી મારી ફરાર થઈ ગયા હતા. પાડોશીઓ ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ લઈ ગયા હતા. પોલીસે બંને હુમલાખોરો સામે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.ગોમતીપુરમાં ધુળાભાઈની ચાલીમાં રહેતા ૫૧ વર્ષીય ગોપાલભાઈ પટણી અને તેમનો દીકરો છૂટક મજૂરી કરે છે. થોડા દિવસથી ગોપાલભાઈ સિંગરવામાં બહેનના ઘરે ગયા હતા. તેમનો દીકરો રાહુલ ગોમતીપુરમાં ઘરે હતો. બુધવારે સવારે ગોપાલભાઈની બહેનના ઘરે હતા ત્યારે દીકરીનો ફોન આવ્યો કે આપણા ઘરમાં ઘૂસીને કોઈએ રાહુલને ચાકુના ઘા માર્યા છે. દીકરા પર હુમલો થયાની વાત સાંભળતા જ પિતા અને પુત્રી તાત્કાલિક ગોમતીપુર પહોંચ્યા ત્યારે પાડોશીઓ મારફતે જાણવા મળ્યું કે વહેલી સવારે ઘરમાં કોઈ આવ્યું હતું. અને દીકરાના પેટમાં ચાકુ મારીને જતું રહ્યું છે અને અમે દીકરાનો સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. ઈજાગ્રસ્ત રાહુલના પિતા ગોપાલભાઈ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા ત્યારે તે બેભાન હતો. પિતાએ ઘરે જઈને વધુ પૂછતા હકીકત જાણવા મળી કે બુધવારે વહેલી સવારે રાહુલને બાપુનગરના રામજીલાલના પીઠામાં રહેતા લવકુશ ઉર્ફે હનીસિંગ રાજપૂત અને રખિયાલ રાજીવનગરમાં રહેતા કેતન ઉર્ફે જયંતી પ્રવીણભાઈ પરમાર અંગત અદાવતમાં ચાકુ મારી ભાગી ગયા હતા. પિતા ગોપાલભાઈએ ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં લવકુશ અને કેતન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### દરરોજ ૧૦ કિમી ચાલવાનું આયોજન

## સરદાર પટેલની જયંતિ પર કરમસદથી કેવડિયા સુધી એકતા યાત્રા યોજાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ ।

ગુજરાતમાં ૨જી ઓક્ટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિની ભવ્ય ઉજવણી બાદ હવે આગામી ૩૧ ઓક્ટોબરે ભારતના લોહપુરુષ તરીકે વિખ્યાત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ આવનાર છે, ત્યારે સરદારની આ જન્મજયંતિને ગુજરાતભરમાં ભવ્ય ઉજવણી કરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે. આ અંતર્ગત "સરદાર જ૧૫૦ યુનિટી માર્ચ"નું આયોજન કરાયું છે, જેનો હેતુ સરદાર પટેલના વિચારો, નેતૃત્વ અને એકતાના સંદેશને જનજન સુધી પહોંચાડવાનો છે. સરકારના આયોજન મુજબ, ૧થી ૧૦ નવેમ્બર દરમિયાન યોજાનારી આ સરદાર જ૧૫૦ યુનિટી માર્ચ બે સ્તરે યોજાશે. જિલ્લા સ્તરે ત્રણ દિવસીય યાત્રા અને કેન્દ્રીય કક્ષાએ કરમસદથી કેવડિયા સુધીની ૧૫૦ કિમી લાંબી "યુનિટી માર્ચ." જેમાં રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, ધારાસભ્ય જીતુ વાઘાણી, તેમજ અનેક સામાજિક સંસ્થાઓ અને એનજીઓના પ્રતિનિધિઓ આ વિશાળ અભિયાનમાં જોડાશે. આ અંગે માહિતી આપતા MLA જીતુ વાઘાણીએ જણાવ્યું કે, "સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ માત્ર વિધિવત ઉજવણી નહીં પરંતુ એક પ્રેરણાત્મક અભિયાન તરીકે મનાવવામાં આવશે. લોકો સરદારના વિચારોને સમજી શકે, રાષ્ટ્રપ્રેમની ભાવના જાગી શકે અને 'હું સરદાર છું' એવો ભાવ દરેકમાં ઉત્પન્ન થાય, તે માટે આ અભિયાન મહત્વપૂર્ણ છે." વધુમાં વાઘાણીએ ઉમેર્યું કે, આ યાત્રા ૧થી ૧૦ નવેમ્બર દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓમાં યોજાશે, જ્યારે રાષ્ટ્રીય સ્તરે ૨૬ નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી યાત્રા આયોજન હેઠળ છે. દરેક જિલ્લામાં અલગ થીમ રાખવામાં આવી છે, જે સરદાર પટેલના જીવન, સિદ્ધાંતો અને રાષ્ટ્રની એકતા પ્રત્યેના તેમના યોગદાનને પ્રતિબિંબિત કરશે. આ અંગે ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, "આ એકતાનું કામ છે, જોડવાનું કામ છે. સરદાર સાહેબે રજવાડાઓને એક કર્યા, આજે તેમની એકતાની ભાવના ફરી જીવંત કરવાની જરૂર છે." તેમણે જણાવ્યું કે, દરેક જિલ્લામાં સાંસદ સભ્યો અને સ્થાનિક નેતાઓ યાત્રાનું નેતૃત્વ કરશે અને નાના જિલ્લાઓમાં એક દિવસ તેમજ મોટા જિલ્લાઓમાં ત્રણ દિવસ સુધી યાત્રા રહેશે.

આ યાત્રા દરમિયાન દિવસે આશરે ૧૦ કિમી ચાલવાનું આયોજન છે, જેમાં ૧૯૧ વોલિયન્ટિયરો ભાગ લેશે. યાત્રા સાથે સરદાર પટેલના જીવન અને વિચારધારાને સમર્પિત રીલ અને નિબંધ સ્પર્ધાઓ પણ યોજાશે. વિદ્યાર્થીઓ, એનજીઓ, સામાજિક સંસ્થાઓ અને નાગરિકોને આ અભિયાનમાં જોડાવાનું આમંત્રણ અપાયું છે.

યાત્રાના અંતિમ તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાજ્યના ગવર્નર, તેમજ વિવિધ કલાકારો અને રાષ્ટ્રીય અતિથિઓની હાજરીમાં સમારોહ યોજાશે. સરકાર દ્વારા માઈક્રો પ્લાનિંગ તૈયાર કરવામાં આવ્યું છે જેથી દરેક જિલ્લામાં કાર્યક્રમ સુચારૂ રીતે યોજાઈ શકે.

## જામનગરમાં GSTના દરોડામાં ૪૦૦ કરોડના બોગસ વ્યવહારોનો પર્દાફાશ

। જામનગર, તા.૧૦ ।

જામનગરમાંજીએસટીવિભાગદ્વારાછદિવસસુધીહાથધરવામાંઆવેલા મેગા સર્ચ ઓપરેશનમાં ¹ ૭૦ કરોડથી વધુના ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ કાર્યવાહીમાં કુલ ૨૧ પેઢીઓમાં ¹ ૪૦૦ કરોડના બોગસ આર્થિક વ્યવહારો થયા હોવાનું બહાર આવ્યું છે. આ કૌભાંડના કેન્દ્રસ્થાને રહેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્કેશ પેઢડિયા સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.જામનગરના હીરજી મિસ્ત્રી રોડ પર આવેલી બ્રહ્મ એન્ડ એસોસિએટ નામની ઝછ ફર્મને કેન્દ્રમાં રાખીને અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર ડિવિઝનની કુલ ૨૧ ટીમોએ એકસાથે દરોડા પાડ્યા હતા. CA અલ્કેશ પેઢડિયાની ફર્મ, તેની અન્ય બે ફર્મ (ઈન કોર્પોરેશન અને ઈલ્યોર) અને તેના રહેઠાણ પર પણ કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, જીએસટી વિભાગ કાર્યવાહી શરૂ કરે એ પહેલાં જ અલ્કેશ પેઢડિયા ભૂગર્ભમાં ઊતરી ગયો હતો.મિતરાજ એન્ટરપ્રાઈઝ, ઓમ એન્ટરપ્રાઈઝ, શ્રુતિ એન્ટરપ્રાઈઝ, એસ એન્ડ જેપી, ધરતી એન્ટરપ્રાઈઝ, યુક્તિ એન્ટરપ્રાઈઝ, આફરીન એન્ટરપ્રાઈઝ, એડી કોર્પોરેશન, એસ એન્ડ S ઈન્ળા અને ટેક્કિકા મેટલ ક્રાફ્ટ સહિતની પેઢીઓ પર પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

## ૨૪ કલાકમાં ત્રણ પુરુષોએ બે વાર મહિલા પર કર્યો ગેંગરેપ

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૧૦ ।

ગીર સોમનાથ જિલ્લામાં એક મહિલા સાથે ક્રૂરતાની ઘટના સામે આવી છે. જિલ્લાના ઊનામાં ત્રણ પુરુષોએ એક મહિલા સાથે ૨૪ કલાકમાં બે વાર સામૂહિક બળાત્કાર કર્યો. એટલું જ નહીં, આ પછી તેમણે મહિલાને મોં બંધ રાખવા માટે ધમકી પણ આપી. આ ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે મહિલા પેટમાં થતા દર્દને સહન ન કરી શકી અને તેને હોસ્પિટલ જવું પડ્યું. મહિલાના કહેવા પ્રમાણે, આરોપીઓએ તેને ઘર સુધી સુરક્ષિત મૂકી જવાની ઓફર કરી હતી. ત્યારબાદ તેઓ તેને એક સૂમસામ જગ્યાએ લઈ ગયા. એટલું જ નહીં, પછીથી તેને પોતાના એક ઘરમાં લઈ ગયા, જ્યાં તેની સાથે બળાત્કાર થયો.ગીર સોમનાથ જિલ્લાના દરિયાકાંઠાના શહેર ઊનામાં આ ઘટના ગયા અઠવાડિયે સામે આવી. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે મજૂરી કરીને ગુજરાન ચલાવતી વિધવા મહિલાને મંગળવારે ઊનાની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. પેટમાં તીવ્ર દુખાવાની ફરિયાદ બાદ તેના પરિવારજનો તેને સારવાર માટે લઈ ગયા હતા. ડૉક્ટરોને બળાત્કાર વિશે જણાવ્યા બાદ હોસ્પિટલે મેડિકો-લીગલ કેસ (સ્ન્ઝ) જારી કર્યો અને પોલીસને જાણ કરી. વિધવાએ નવબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ત્રણેય પુરુષો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. રેપ કરનારા માછીમારો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે વિધવાના પતિનું ૧૦ વર્ષ પહેલા અવસાન થઈ ગયું હતું. પીડિત મહિલાએ તેની ફરિયાદમાં જણાવ્યું છે કે એક અઠવાડિયા પહેલા તે માંડવી ચેકપોસ્ટથી પોતાના ગામ જઈ રહી હતી. ત્યારે બે બાઈક પર સવાર ત્રણ લોકો તેની પાસે આવ્યા. તેમણે તેને ગામ સુધી મૂકી જવાની ઓફર કરી.

### થોડા દિવસ અગાઉ કેટલીક દુકાન ધરાશાયી થઈ હતી

## કાલુપુર રેલવે બ્રિજ પરની વર્ષો જૂની તમામ જર્જરિત દુકાનો તોડી પડાશે

### પાકિસ્તાનથી આવેલાં વિસ્થાપિતોને કાલુપુર બ્રિજ ઉપર અપાયેલી દુકાનોમાં ગેરકાયદે બાંધકામો પણ થયા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।




શહેરનાં વર્ષો જુના કાલુપુર બ્રિજ ઉપર પાકિસ્તાનથી આવેલાં વિસ્થાપિતોને બનાવી અપાયેલી દુકાનો પૈકી આઠ જેટલી દુકાન ધરાશાયી થઇ ગયાં બાદ મ્યુનિ.તંત્ર દ્વારા બાકીની તમામ જર્જરિત દુકાનો તોડી પાડવાનો નિર્ણય લીધો છે.મ્યુનિ.નાં મધ્ય ઝોનનાં ડે.કમિશનર રમ્યકુમાર ભટ્ટે જણાવ્યું હતું કે, ભારત-પાકિસ્તાનનાં ભાગલા વખતે પાકિસ્તાનથી આવેલાં વિસ્થાપિતોને ધંધારોજગાર માટે કાલુપુર બ્રિજ ઉપર એક એક દુકાન ફાળવવામાં આવી હતી, નાની અને ભોંયતળીયાની લગભગ ૧૧૦ દુકાનો બનાવવામાં આવી હતી. જેમાં સમયાંતરે કેટલીક દુકાનમાં ગેરકાયદે બાંધકામો પણ થયાં હતા.વર્ષો અગાઉ સાવ નજીવા ભાડે અપાયેલી દુકાનોનાં ભાડા હજુ પણ જુના ભાડાકરાર મુજબ જ વસુલ કરાતાં હોવાનુ જાણવા મળ્યુ છે, આ જુની જર્જરિત બનેલી દુકાનો ખાલી કરાવવા વારંવાર રજૂઆતો થતી હતી, પરંતુ દુકાનદારો માનતા નહોતા.

દરમિયાનમાં કાલુપુર રેલ્વે સ્ટેશન રિડેવલપમેન્ટની કામગીરીનાં કારણે ધ્રુજારી અનુભવાતી હોવાથી આ દુકાનો ધરાશાયી થઇ ગઇ કે બીજા કોઇ કારણસર તેની તપાસ મધ્ય ઝોન એસ્ટેટ ખાતા દ્વારા કરવામાં આવનાર છે.પરંતુ મહત્વની વાત એ છે કે, કાલુપુર બ્રિજ ઉપરની જર્જરિત દુકાનો ગમે ત્યારે ધસી પડે તેવી સ્થિતિને ધ્યાને લઇ કોઇ જાનહાનિ સર્જાય નહિ તે માટે મ્યુનિ. તંત્ર દ્વારા તમામ દુકાન ખાલી કરાવીને જમીનદોસ્ત કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જોકે આ વેપારીઓ દુકાન ખાલી કરવા સામે વૈકલ્પિક વ્યવસ્થાની માંગણી કરશે તે સ્વભાવિક છે. પરંતુ આ દુકાનો જે તે સમયે કયા વિસ્થાપિતને ફાળવાઇ હતી અને હાલ તેનો કબજો કોની પાસે છે તેની તપાસ કરવામાં આવે તો વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં સમસ્યા સર્જાઇ શકે છે.

### પોલીસ સ્ટેશનમાં સગીરના વાળ ખેંચીને આપી હતી સજા

## કોન્સ્ટેબલ પ્રદીપ ડાંગરને સસ્પેન્ડ કર્યા બાદ હવે ધરપકડ

। (એજન્સી) રાજકોટ, તા.૧૦ ।

રાજકોટના ગાંધીગ્રામ પોલીસ મથકમાં સગીર આરોપીને તાલિબાની સજાનો મામલે કોન્ટેબલ પ્રદીપ ડાંગરને સસ્પેન્ડ કર્યા બાદ ધરપકડ કરવામાં આવી છે. જો કે પૂછપરછમાં અજાણતા સગીરનો વીડિયો ઉતાર્યાનું કોન્સ્ટેબલે રટણ કર્યુ. આ કેસમાં અગાઉ સફાઈ કામદાર શૈલેષ ડાંગરની પોલીસે ધરપકડ કરી હતી. હવે પોલીસ કોન્ટેબલ પ્રદીપ ડાંગરની પણ ધરપકડ કરાઈ છે. થોડા સમય પહેલા રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં સગીરને માર મારવાનો વીડિયો વાયરલ થયો હતો. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં તાલિબાની સજા આપવામાં આવી હતી. જેનો વીડિયો સોશિયલમાં વાયરલ થયો હતો. આ સમગ્ર મામલે સગીર બાળક, પરિવાર અને સમાજના આગેવાનો સાથે પોલીસ કમીશ્નરને મળવા પહોંચ્યો હતો. વાયરલ વીડિયો અને સગીરને અપાયેલ તાલિબાની સજા મામલે પોલીસે ફરિયાદ નોંધી હતી. આ બાદ પોલીસે કહ્યું કે, વાળ ખેંચનાર સામે પોલીસ દ્વારા ફરિયાદ નોંધવામાં આવી છે. વીડિયો બનાવનાર સામે અને વાળ ખેંચનાર સામે પોલીસ દ્વારા પગલાં લેવામાં આવશે તેવી બાહેંધરી પોલીસે આપી હતી. સગીર આરોપીના જીવતા વાળ ખેંચી તાલિબાની સજા આપવાનો મામલે સગીર આરોપીએ પોલીસ વિરુદ્ધ કરેલ ફરિયાદમાં ચોંકાવનારા ખુલાસા કર્યા છે. સગીરે કહ્યું કે, એસીપી રાધિકા ભારાઈએ આપ્યો આદેશ. જે હેરસ્ટાઈલ કરીને આવ્યો તેને ખેંચીને કાઢો. તાલિબાની સજા આપનાર પોલીસે કહ્યું કે, અમારી એસીપીનો આદેશ છે, તને મારવો પડશે જ. ઉલ્લેખનીય છે કે, એક મહિના પછી વીડિયો વાયરલ થતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી અને તપાસના આદેશ આપવામાં આવ્યા હતા અને તાત્કાલિક અસરથી પ્રદીપ ડાંગરની હેડ ક્વાર્ટર ખાતે બદલી કરી સસ્પેન્શનની કાર્યવાહી પણ પોલીસ કમિશનર દ્વારા હાથ ધરવામાં આવી હતી. આ મામલે થયેલી ફરિયાદમાં એસીપી, પીઆઈ, પીએસઆઈથી લઈ કોન્સ્ટેબલ સહિતનો ઉલ્લેખ કરાયો છે.

